## જિલ્લા કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવાયું

# અમરેલી જિલ્લાનાં અગણિત પ્રશ્નોનું નિરાકરણ કરો : આપ

**જિલ્લાનાં મોટાભાગનાં માર્ગો બિસ્માર હાલતમાં અને તેના ઉપર રખડતા પશુઓનો અડિંગો**

**જિલ્લામાં રેતી સહિતનાં ખનિજ તત્વોની વ્યાપક પ્રમાણમાં થતી ચોરી અટકાવો**

**જિલ્લાકક્ષાની સિવિલ હોસ્પિટલમાં આધુનિક સાધનો અને સુવિધાનો અભાવ**

**વેપાર–ધંધાની હાલત અતિ દયનીય બની હોય આર્થિક પેકેજ જાહેર કરવા માંગ**

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીએ કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેર અને જીલ્લાના મોટા ભાગના વિસ્તારના રોડ રસ્તા બિમાર હાલતમાં છે જે સત્તાધારી પક્ષના નેતા અને તંત્રનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડે છે., જીલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રખડતા ઢોરોનો ખૂબ જ ત્રાસ છે જેને લીધે તમામ જગ્યાએ અવારનવાર એકિસડન્ટ સર્જાય છે., જીલ્લાના તમામ શહેરોમાં તમામ જાહેર શૌચાલગ બિસ્માર હાલતમાં છે., જીલ્લામાં ખાણખનીજ તંત્ર ઊંઘતું હોય તેમ લાગે છે જેથી ખાણખનીજની ચોરી બેફામ વધી છે., જીલ્લામાં દેશી તગથા વિલાયતી દારૂ બેફામ વેચાય છે. અને બીજી બાજુ સત્તાધારી પક્ષના નેતાઓ દ્વારા તંત્રના ઈમાનદાર અધિકારીઓના હાથ બાંધી દીધા હોય તેવું દેખાય છે., અમરેલીની જીવાદોરી સમાન નદીમાં ગાંડી વેલનો કબ્જો થઈ ગયો છે અને પણ તંત્ર ચૂંટાયેલા નેતા ગણ તંત્ર ઊંઘતું હોય તેવું દેખાય આવે છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી જીલ્લાની તમામ નગરપાલિકામાં બેફામ ભ્રષ્ટાચાર ચાલે છે જેમાં તૂંત્ર અને નેતાઓ શામિલ હોય તેવું દેખાય આવે છે., ખેતી પ્રધાન જીલ્લો છે પણ સૌથી વધુ ખેડુતોને ડુપ્લીકેટ દવા, ખાતર અને બિયારણ વેચીને છેતરીને લૂંટવામાં આવે છે., સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ ડોકટર અને ટેકનીશનના અભાવને લીધે દર્દીઓને બીજે રિફર કરવા પડે છે અને સારવાર માટે બહારથી દવા લેવી તથા રિપોર્ટ કરાવી લાવવા પડે છે., જીલ્લામાં આરોગ્ય ખાતુ ફૂડ સેફટી ડિપાર્ટમેન્ટ ઘોર નિદ્રામાં કયાંય હોય તેવું લાગે છે. કોઈપણ જાતના સેમ્પલ લેવા કે તપાસ કરવી. આવી કોઈ પણ જાતની તંત્ર દ્વારા કામગીરી કરીને જનતાને જાનહાનિ પહોંચાડનાર અને આરોગ્ય સાથે છેડા કરનારની સામે કોઈ પણ કાર્યવાહી કરવામાં આવતી નથી., અમરેલીમાં કોઈ પણ પ્રકારની જી.આઈ.ડી.સી.ની સુવિધા નથી જે કંઈ છે તે ૬૦ વર્ષ જૂની છે તેમાં પણ સુવિધાનો અભાવ., અમરેલી શહેર અને જીલ્લાના વિસ્તારોમાં સરકારી મિલકતોમાં દબાણો તથા ગૌચર જમીન દબાવી પડાવી જેવી અનેક સમસ્યાઓ હોવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી., અમરેલી જીલ્લાના તમામ શહેરો નગરપાલિકાની અણઆવડતને કારણે ગંદકી અને કચરાથી ખદબદે છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

### મા ભક્ત રાજુભાઈ જેઠવાનાં માર્ગદર્શન તળે તૈયારી

# બાબરા ખાતે પૂ.વડલીવાળી મેલડીમાનાં સાંનિધ્યમાં નવરાત્રી પર્વની ઉજવણી કરાશે

**૧૨૦૦ જેટલી બાળાઓ પ્રાચીન રાસ ગરબા રમશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૧

બાબરામાં નિલવળા રોડના કાંઠે બિરાજતા શ્રી વડલીવાળી મેલડીમાંના સાનિધ્યમાં નવરાત્રીના પર્વની ભવ્ય અને દિવ્ય ઉજવણીનું સુંદર આયોજન માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું છે અહીં શ્રી મેલડીમાંના મંદિરે અને તેમના સાનિધ્યમાં દર વર્ષે આસો સુદ નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં બાબરા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારની બાળાઓ ભાતીગળ પોશાકમાં માતાજીના ગરબા રમવા આવે છે.

અહીં મેલડીમાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સેવક સમુદાય દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અહીં આયોજીત નવરાત્રી મહોત્સવમાં ૩ વર્ષથી ૧૭ વરસ સુધીની બાળાઓ ગરબે રમવા માટે રજિસ્ટ્રેશન કરાવે છે તેવી બાળાઓ આશરે ૧૨૦૦ વધુ પ્રાચીન ગરબે રમી માતાજીની આરાધના કરશે આ સિવાય અન્ય મહિલાઓ અને માતાઓ પણ માતાજીની રાસે રમી આરાધના કરી શકે છે અહીં માત્ર દીકરીઓ અને માતાઓ બહેનો માટે રાસે રમવાની છૂટ છે અન્ય કોઈ પુઢષને મેદાનમાં આવવાની કે ફોટા શુટીંગ કરવાની સખત મનાય છે અને તેના માટે પૂરતા મેદાનમાં સ્વયંસેવક હાજર રહે છે.

અહીં આયોજિત નવરાત્રીમાં ૩ વરસ થી ૧૭ વરસની દિકરીને ભાગ લીધો છે એ તમામ દીકરીઓ બાળાઓને સાંજે મહાપ્રસાદ મેળવી રાસ ગરબામાં જવાનું અને અંતિમ દિવસે તમામ દીકરીઓને લ્હાણી વિતરણ રાજુભાઈ જેઠવા પરિવાર દ્વારા કરવામાં આવશે.

---

# દામનગર શહેરમાં વિવિધ વિકાસના કામો માટે ગ્રાન્ટ મંજુર



દામનગર, તા. ૨૦


દામનગર ગ્રામ પંચાયત માંથી ૨૦૦૫ની સાલમાં નગર પાલિકામાં રૂપાંતર થતાં નગરપાલિકા–ડ કક્ષાનો દરજજો મળ્યા પછી વિકાસના કામો ને અગ્રતા આપવામાં આવી રહી છે. વધુમાં નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત દામનગર નગર પાલિકાને આકોનિક રોડ બનાવવાની કામગીરી માટે રૂ. ૪૯.૯૮ લાખની ગ્રાન્ટ મંજૂર થતાંની સાથે જ એસ.ટી. ડેપો થી સરદાર ચોક, છભાડિયા રેલ્વે ફાટકથી વૈજનાથ મંદિર ચોક સુધી નિર્મળ પથ તરીકે માન્યતા આપવાની છે. આ કામ માટે નવા રોડ, ડીવાઈડર, દામનગરમાં પ્રવેશ થતા નવ એપ્રોચ રોડની સફાઈ, ટ્વીન બિન, બાકડા, વોલ પેઈન્ટિંગ, સાઈન બોર્ડ સહિતના કામો કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવેલ છે.અને દામનગર શહેરમાં આઈકોનિક રોડ તરીકે નિર્મળ પથનું નામકરણ કરવામાં આવશે.સાથે – સાથે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત કુલ ૯ જીવીપી એટલે કે ગારબેજ વનરેબલ પોઈન્ટ વિકાસના કામો માટે રૂ.૬ લાખ મંજૂર થયેલ છે.જેમાં દરેક પોઈન્ટ માટે એક લાખ મંજૂર થયેલ છે.શહેરમાં કચરાના વનરેબલ સ્પોટને કાયમી ધોરણે ડામવા આ જીવીપી વિકાસ કરવામાં આવનાર હોવાનું નગર પાલિકાના સીટી એન્જિનિયર પ્રશાંતભાઈ સરલિયા એ એક મુલાકાતમાં જણાવ્યું હતું.

---

### રાજયનાં મુખ્યમંત્રીની મુલાકાત નિમિતે

# અમરેલી જીલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રા) હેઠળનાં કામોનાં ખાતમુહુર્ત અને લોકાર્પણ થયા

**જનસમુદાયને સ્વયં સ્વચ્છતાનાં આગ્રહી બનવા આહ્‌વાન**







અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના અંતર્ગત હાલ ચાલી રહેલ ૧૭મી સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૩૧મી ઓકટોબર ૨૦૨૪ સુધી સ્વચ્છતા હી સેવા – ૨૦૨૪ કાર્યક્રમ કે જેની મુખ્ય થીમ "સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા" રાખી ગ્રામ્ય જીવનને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા ઝુંબેશ હાથ ધરવા માટે સમગ્ર જિલ્લામાં કેમ્પેઈન ચાલી રહેલ છે. જેમાં દૈનિક અલગ– અલગ કાર્યક્રમ દ્વારા લોકોના સ્વભાવમાં સ્વચ્છતાની સ્વીકૃતી આવે લોકો સ્વૈચ્છિક રીતે વ્યકિતગત અને સામુહિક સ્વચ્છતા રાખવા પ્રેરિત થાય તે કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય છે.

સ્વચ્છતા હી સેવા – ૨૦૨૪ કાર્યક્રમ ચાલી રહેલ છે ત્યારે ગુજરાતના માન. મુખ્યમંત્રી વિવિધ વિકાસના કામોના ખાતમુહુર્ત તથા લોકાર્પણ કરવા અમરેલી જિલ્લામાં પધારેલ હોય ત્યારે સ્વચ્છ ભારત મિશન (ગ્રા) અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ ચાલી રહેલ ઘન અને પ્રવાહી કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે હેતુથી વ્યકિતગત અને સામુહિક કમ્પોસ્ટ પીટ, સોકપીટ, શેગ્રીગેશન શેડ, ગ્રે વોટર મેનેજમેન્ટ તથા ડોર ટુ ડોર કચરાના વ્યવસ્થાપન માટે સફાઈ સાધનો વિગેરેનું નિર્માણ થઈ રહેલ છે ત્યારે મુખ્યમંત્રીના વરદહસ્તે ૪૧ – સામુહિક કમ્પોસ્ટ પીટ, ૩૪ – સામુહિક સોકપીટ, ૧૨ – શેગ્રીગેશન શેડનું ખાતમુહુર્ત તેમજ ૨૪ – સામુહિક કમ્પોસ્ટ પીટ, ૨૬ – સામુહિક સોકપીટ, ૧૩ – શેગ્રીગેશન શેડના લોકાર્પણ કરવામાં આવેલ સાથે સાથે ગામડુ ખરેખર કાયમી ધોરણે સ્વચ્છ અને સ્વસ્થ બને, ગામમાં કાયમી ધોરણે પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ થાય, ગામ સ્વચ્છ, સ્વસ્થ અને હરીયાળુ બની રોગચાળા મુકત બને તે બાબતે જનસમુદાયને સ્વયં સ્વચ્છતાના આગ્રહી બનવા આહવાન કરેલ.

---

### નવ હોદ્દેદારોની વરણી સાથે

# અમરેલી ખાતે બારોટ સમાજ ટ્રસ્ટની સાધારણ સભા મળી

**પ્રમુખ તરીકે નારણભાઈ લગધીરની વરણી**



અમરેલી, તા. ૨૧

તાજેતરમાં બારોટ સમાજ ટ્રસ્ટ–અમરેલીના સભ્યોની સામાન્ય સભા મળી હતી. આ બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ રેણુકાની કમિટીને ત્રણ વરસ પુરા થતા બારોટ સમાજ ટ્રસ્ટ–અમરેલીના પ્રમુખ તરીકે નારણભાઈ લગધીરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ બેઠકમાં નવનિયુકત પ્રમુખ નારણભાઈ લગધીરે પૂર્વપ્રમુખ રાજેશભાઈ રેણુકાની કામગીરીને બિરદાવી શાલ ઓઢાડી સન્માન કરતા જણાવ્યું હતું કે, સમાજમાં હોદાઓની હોડમાં ન પડતા સમાજનું કામ કરવા લાગીએ એટલે હોદાઓ આપોઆપ આવી જાય છે. ટ્રસ્ટના પ્રમુખ તરીકેનું સર્વાનુમતે ભારણ આપવા બદલ સર્વે સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે રાજેશભાઈ રેણુકાનું પ્રવકતા વિરેન્દ્રભાઈ રેણુકાએ પણ સન્માન કરી લાંબા સમયની પ્રમુખ તરીકેની કામગીરીને બિરદાવી હતી.

ટ્રસ્ટના સર્વે સભ્યોએ રાજેશભાઈ રેણુકાની કામગીરીને સંનિષ્ઠ ગણાવી નારણભાઈ લગધીરને નવા પ્રમુખ તરીકે આવકાર્ય હતા.

આ પ્રસંગે ટ્રસ્ટના સભ્યો સર્વ અમૃતલાલ સોનરાત તથા મનોજભાઈ સોલંકીએ રાજેશભાઈની છેલ્લા બાર વરસની કામગીરીને બિરદાવી હતી.જયારે ગીરીશભાઈ ઘેલાણીએ વહીવટી પ્રક્રિયા હાથ ધરી રાજેશભાઈનું રાજીનામુ નારણભાઈ લગધીરને સુપ્રત કર્યું હતું.

આ તકે સભ્ય દીપકભાઈ ઈલાણી સહિત સૌ સભ્યોએ નારણભાઈ લગધીરની પ્રમુખપદ માટે લાગણી વ્યકત કરી હતી. જયારે ટ્રસ્ટીઓ સર્વ પ્રદીપ વિસાણી, વિવેકભાઈ રેણુકા, દર્શનભાઈ રેણુકા, તેજસભાઈ સોનરાત સહિત તમામ સભ્યોએ સમાજની કામગીરીમાં પૂરતો સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

---

# મુખ્યમંત્રીનું સ્વાગત કરતા યુવા નેતા મનિષ સંઘાણી



અમરેલી, તા. ૨૧

સંતો અને સુરાની પાવનધરા અમરેલી ખાતે ૨૯૨ કરોડ થી વધુ રકમ નાં વિવિધ વિકાસ પ્રકલ્પો લોકાર્પણ, ખાતમૂર્હત અને નવીનીકરણો નાં ત્રિવિધ કાર્યક્રમ માટે અમરેલી પધારેલ ગુજરાત રાજય નાં માન. મુખ્યંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નું હવાઈ મથક અમરેલી ખાતે સ્વાગત કરતા ગુજરાત પ્રદેશ યુવા મોરચા નાં ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષભાઈ સંઘાણી.

---

### સખી વન સ્ટોપ સેન્ટરની ઉમદા કામગીરી

# ૧૭ વર્ષિય બહેનના અભ્યાસ અને અન્ય જવાબદારીઓ બાબતે થયેલા પારિવારિક પ્રશ્નનું સુખદ સમાધાન

અમરેલી, તા. ૨૧

ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત સખી' વનસ્ટોપસેન્ટર અમરેલી ખાતે કાર્યરત છે.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન થકી ૧૭ વર્ષીય મહિલા મદદ મેળવવા માટે સેન્ટર પર આવ્યા હતા. ઘટના એવી હતી કે, આ બહેન જયારે નવ માસના હતા ત્યારે તેણીના માતાપિતાના છુટાછેડા થયા હતા આથી તે તેમના દાદી સાથે રહેતા હતા અને તેના પિતાએ બીજા લગ્ન કર્યા હતા. પિતાના બીજા લગ્નથી આવેલા મહિલા આ બહેનને સાચવી શકતા નહોતા. કપડા કે અભ્યાસ માટેના ખર્ચની રકમ નહોતી મળતી, શારીરિક અને માનસિક ત્રાસ થતો હતો. ઘરમાં કોઈ બાબતે એક દિવસ ઝઘડો થતા કંટાળીને બહેને ૧૮૧ અભયમને ફોન કરીને મદદ માટે સેન્ટર પર આવ્યા હતા. સેન્ટર પર આવેલા ૧૭ વર્ષીય બહેનનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. પિતા અને પિતાના બીજા લગ્નથી આવેલા મહિલાને પણ સખી વન સ્ટોપ સેન્ટર પર બોલાવવામાં આવ્યા. બંને પક્ષને તેમની ભૂલ શું થઈ રહી છે તે સમજાવટ કરવામાં આવી અને સુખદ સમાધાન થયું. ૧૭ વર્ષીય બહેનના અભ્યાસ તેમજ અન્ય જવાબદારીઓ નિભાવવામાં આવશે તેવું પિતા અને પિતાના બીજા લગ્નથી આવેલા મહિલાએ જણાવ્યું. સેન્ટર પર આશ્રય મેળવ્યો હતો તેવા બહેનનું તેના પરિવારમાં પુનઃ સ્થાપન થયું છે.

અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીના માર્ગદર્શન અન્વયે અમરેલી – સિવિલ હોસ્પિટલ ખાતે છેલ્લા ૫ વર્ષથી ૨૪×૭ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર મહિલાઓ માટે આર્શીવાદ સમાન છે. હિંસાથી પીડિત બહેનોને પોલીસ, કાનૂની મદદ, તબીબી સહાય, હંગામી ધોરણે આશ્રય તેમજ સામાજિક પરામર્શ તેમજ કાયદાકીય સલાહ સહિતની વિવિધ મદદ અને માર્ગદર્શન સખી વન સ્ટોપ સેન્ટરના માપ્રયમથી આપવામાં આવે છે. હિંસાથી પીડિત ૧,૪૩૬ જેટલી બહેનોએ મદદ મેળવી છે. અમરેલી જિલ્લાના કોઈપણ ખૂણામાં હોય અને કોઈપણ પ્રકારની મદદ કે માર્ગદર્શનની આવશ્યકતા હોય તો તેવી મહિલાને કોઈપણ સમયે ૧૮૧ વન સ્ટોપ સેન્ટર દ્વારા સહાય મેળવી શકે છે, તેમ અમરેલી સખી વનસ્ટોપ સેન્ટરના કેસવર્કરએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### ભુગર્ભ ગટરની સમસ્યાથી છુટકારો થશે

# અરે વાહ : લીલીયામોટામાં જેટિંગ મશીનનું આગમન થતાં હર્ષોલ્લાસ

**વાજતે ગાજતે જેટિંગ મશીનની યાત્રા યોજાઈ**



લીલીયા, તા. ૨૧

લીલીયા શહેરના ગ્રામજનો પાછલા એક દાયકા ઉપરાંતના સમયથી ભુગર્ભ ગટરનાં ગંદા પાણીની નદીની જેમ રોડ રસ્તા પર દિન રાત વારી રહ્યાં છે. તેમ લઈ ભારે મુશ્કેલીનો સામનો કરી ભુગર્ભ ગટર પુરને પાછલા એક દાયકામાં વેપારીઓ ગ્રામજનો એમની અનેકવાર આંદોલનો રજુઆતો કરેલ તેમ છતાં નકકર કોઈ પરિણામ આજ દિન સુધી આવ્યું હનથી. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ૧૨મી જુન ૨૦૨૪ના રોજ સજજડ વેપાર ધંધા બંધ પાણી આવેદન આપી બાદમાં સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને ભુગર્ભ ગટર હલ કરવા લેખીત મૌખિક રજુઆત કરવામાં આવેલ આ તકે ધારા સભ્ય મહેશભાઈ કસવાલાએ ભુગર્ભ ગટર પ્રશ્ન હલ કરવા જરૂરી મશીનરી ફાળવી સરકારમાં રજુઆત કરવાની ખાતરી આપતા વેપારીઓએ આંદોલન અનેરી લીધુ હતું શહેરના ભુગર્ભ ગટર પ્રશ્ને સભ્ય રજુઆત કરતા આજે અમરેલી ખાતે આવતા સફાઈ માટે રૂ. ૪૨.૫ લાખની કિંમતનું જેટીંગ મશીન ફાળવી લોકાપર્ણ કર્યુ હતું. લીલીયા ખાતે જેટીંગ મહીશ આવતા સૌ ગ્રામજનો લડવાયા હનુમાનજી મંદિર ખાતે શ્રીફળ ધરાવી શહેરના માર્ગો પર જેટીંગ મશીન વાજતે ગાજતે ફેરવ્યું હતું. ત્યારબાદ રામજી મંદિરે જેટીંગ મશીન લઈ જવામાં આવેલ શહેરના અનેક લોકોએ ભુગર્ભ ગટર સમસ્યા હલ થાય અને જરૂરી જેટીંગ મશીન સરકારમાંથી મળે તેની માટે પાછલા કેટલાય વર્ષોથી હનુમાનજી મંદિરે શ્રીફળ ધરાવવાની માનતા રાખી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્થાનિક વેપારીએ નામદાર હાઈકોર્ટમાં ભુગર્ભગટર પ્રશ્ને પી.એલ.આઈ. દાખલ કરેલ તેમાં હાઈકોર્ટ જીલ્લા વિકાસ અધિકાર્યપાલક માર્ગ મકાન જિ.પ. ગ્રામ પંચાયત લીલીયાને ભુગર્ભ ગટર પ્રશ્ન હલ કરવા હુકમ કર્યાનું સુત્રો પાસેથી જાણવા મળેલ છે.

---

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રશ્ર મંચ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૧

શિક્ષણ અને સંસ્કાર માટે અગ્રેસર એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી માધ્યમિક વિદ્યાલય અમરેલી ખાતે તારીખ ૨૧/૯/૨૪ના રોજ શિક્ષણના ભાગ રૂપે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓનું કિવઝનું આયોજન કરવામાં આવેલ.

જેમાં કુલ ૧૦ ટીમએ ભાગ લીધેલ જેમાં વિદ્યાર્થીઓને ત્રણ રાઉન્ડમાં પ્રશ્ર પૂછવામાં આવેલ જેમાં વિજેતા થયેલ ટીમને પ્રથમ દ્વિતીય તેમજ તૃતીય નંબર આપવામાં આવેલ, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સુકતાથી ભાગ લીધેલ.

આ ખુબ સુંદર કાર્યક્રમ બદલ શાળાના સંચાલક દિપકભાઈ વઘાસિયા તેમજ વિલાસ બેન વઘાસીયાએ તમામ સ્ટાફ મિત્રોને તેમજ સાથે બાળકોને અભિનંદન પાઠવ્યા.

## સમગ્ર ગુજરાતને હચમચાવતી ઘટનાં રાજકોટમાં બની

# આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા એક જ પરિવારનાં આઠ સભ્યોની સામૂહિક આત્મહત્યા

### સરકારનાં આર્થિક વિકાસનાં ખોખલા દાવાઓ વચ્ચેની ક્રુર વાસ્તવિકતા

### ભાજપ સરકારની નીતિનાં કારણે વધતી જતી આર્થિક અસમાનતા

### દેશભરમાં બેરોજગારી, મોંઘવારી જેવી સમસ્યા વિકરાળ બની ચુકી છે

### પ્રદેશ કોંગ્રેસનાં મીડિયા કન્વીનર ડો. મનિષ દોશીએ સરકારને આડે હાથ લીધી

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતને હચમચાવી નાખતી રાજકોટની ઘટના, આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા એક જ પરિવારના આઠ સભ્યોનો સામુહિક આપઘાતનો પ્રયાસ ચિંતાજનક છે. ત્યારે આર્થિક વિકાસના ખોખલા દાવાઓ વચ્ચેની ક્રુર વાસ્તવિકતા અને ભાજપ સરકારની નીતિના કારણે વધતી જતી અસમાનતા પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, વિકાસની આંધળી દોટમાં વધતી જતી અસમાનતા વચ્ચે છેલ્લા પંદર મહિનામાં ગુજરાતમાં ૧૭થી વધુ પરિવારોએ સામુહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે અને ૨૨ થી વધુ સામુહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવાના પ્રયાસ થયા છે. આર્થિક સંકડામણ, વધતી જતી અસમાનતા, સામાજિક અસુરક્ષા, ડર, વ્યાજના ચક્કરમાં દેવાદારી, ભય, દેવાદારીના બોજ નીચે ભીંસમાં આવેલા પરિવારોએ ના છૂટકે સામૂહિક રીતે જીવન ટુંકાવવા બન્યા મજબુર બની રહ્યાં છે. ગતિશીલ-પ્રગતિશીલ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. દેશમાં વર્ષ ૨૦૨૨માં ૧,૭૦,૦૦૦ નાગરિકોએ આપઘાત કરીને જીવન ટુંકાવ્યું છે જે પૈકી ત્રીજા ભાગના એટલે કે ૫૫,૦૦૦ જેટલા આપઘાત કરનારાઓમાં રોજમદાર, ખેતમજદુરો, ખેડૂતોનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી ૩ વર્ષમાં કુલ ૨૫૮૪૧ વ્યકિતએ આત્મહત્યા કરી છે. આમ, પ્રતિ દિવસે સરેરાશ ૨૫ વ્યકિત આત્મહત્યા કરે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૨૦માં ૮૦૫૦, ૨૦૨૧માં ૮૭૮૯ અને ૨૦૨૨માં ૯૦૦૨ વ્યકિતએ આત્મહત્યા કરી હતી. આત્મહત્યા કરનારાના પ્રમાણમાં ચિંતાજનક રીતે સતત વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦ કરતાં ૨૦૨૨માં આત્મહત્યા કરનારાનું પ્રમાણ ૧૦ ટકાથી વધારે હતું. વર્ષ ૨૦૨૨માં પારિવારિક સમસ્યાને કારણે સૌથી વધુ ૨૨૮૫, બીમારીને કારણે ૧૭૪૭, લગ્નને કારણે ૩૬૭ વ્યકિતએ આત્મહત્યા કરેલી છે. આત્મહત્યા કરવામાં હાઉસવાઈફનું પ્રમાણ સૌથી વધુ ૧૭૬૧ છે.

રોજનું કમાઈ રોજનો ખર્ચ- ફેરીયા-લારી-પાથરણાવાળા- રોજમદારની આત્મહત્યાના કિસ્સામાં ૫૦.૪૪ ટકાનો વધારો થયો છે. છેલ્લા છ વર્ષમાં ૧૬૮૬૨ રોજમદારોએ આર્થિક સંકડામણ, સામાજિક અસુરક્ષા, આવક ઘટતી જાય અને ખર્ચ વધતો જાય સહિતના કારણોથી આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું છે. અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોની સ્થિતિ ઘણી નાજુક છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭૪૦ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે. દેશમાં છેલ્લા છ વર્ષમાં ૬૮૦૧૩થી વધુ વિદ્યાર્થીઓએ અભ્યાસનો ડર, આર્થિક અસમાનતા, જાતિ ભેદ, પરીક્ષામાં નિષ્ફળતા સહિત કારણોથી જીવન ટુંકાવ્યું છે. એટલે કે દરરોજ ૩૫ થી વધુ વિદ્યાર્થીઓ જીવન ટુંકાવે છે એટલે કે દર એક-બે કલાકમાં બે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે.

મોરબી-વાંકાનેરમાં માતા અને ૨ પુત્રી, વડોદરા-વાઘોડીયામાં પતિ-પત્નિ-બાળક, સુરેન્દ્રનગર-દુધરેજમાં માતા-પિતા-દિકરી, સુરત-સરધાણામાં માતા-દિકરી, વડોદરા-કાછિયાપોળમાં માતા- પુત્ર-પતિ, ડીસામાં પુત્ર-પિતા, જુનાગઢ-વંથલીમાં માતા-પિતા- સંતાન, ભાવનગરમાં ભાઈ-બહેન, સુરત-રાંદેરમાં માતા-બે બાળકો પુત્ર-પુત્રી, ધોળકા-અમદાવાદમાં પિતા-પુત્ર, સુરતમાં પતિ-પત્નિ-પિતા-માતા-૩ સંતાન, બનાસકાંઠામાં પુત્રવધુ-સાસુ-બે બાળકો અને બોટાદ-નિંગાળામાં પિતા અને ત્રણ સંતાન એમ કુલ જુદી જુદી ૧૭ જેટલા પરિવારના સામુહિક આત્મહત્યાની ૧૭ જેટલી ઘટનાઓ ગુજરાતના વાસ્તવિક સામાજીક અને આર્થિક ચિંતાજનક ચિત્રને ઉજાગર કરે છે.

ગુજરાતમાં આત્મહત્યાના સતત વધી રહેલા બનાવો ચિંતાજનક છે. વધતી જતી આર્થિક સંકડામણ, દેવાનો ભાર, સામાજિક અસુરક્ષાના દબાણ હેઠળ જીવન ટુંકાવવા મજબૂર બનતા ગુજરાતના નાગરિકોના જીવ બચાવવા માટે ભાજપ સરકાર ગંભિરતા સાથે સંવેદનશીલતા દાખવીને સામાજીક, આર્થિક ક્ષેત્રના નિષ્ણાંતો, માનસશાસ્ત્રીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી સક્રિય કામગીરી કરશે તો જ માનવ જીંદગીને આત્મહત્યા કરતા અટકાવી શકાશે.

## ચલાલાના કારીયા પરિવારનાં ચિ. ગોપાલ (પાર્થ) કારીયાનો આજે જન્મદિવસ



ચલાલા, તા. ૨૧

ચલાલાના સેવાભાવી કારીયા પરિવારના લાડકવાયો અને ચલાલા રઘુવંશી અગ્રણી વરીષ્ઠ પત્રકાર અને સાગર ટ્રાવેલ્સ વાળા વિપુલભાઈ મરીયાનો ચિ. પુત્ર ગોપાલ (પાર્થ)નો આજે તા. ૨૧/૯/૨૪ના જન્મદિવસ હોય કારીયા પરિવારમાં હરખની હેલી ચડી છે. ચિ. ગોપાલ (પાર્થ) આજે તેમનાં સતર વર્ષ પુરા કરી અઢારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે. ત્યારે તેમના વિશાળ મિત્રો દ્વારા શુભકામના અને અભિનંદન વર્ષા થઈ રહી છે. શારદાબા મોટા પપ્પા પ્રકાશભાઈ, મોટા મમ્મી ગીતાબહેન, પપ્પા વિપુલભાઈ મમ્મી નીશાબેન, કાકા નિલેશભાઈ, મોટાભાઈ, દિશાંત, દિપ, હર્ષીલ, ફિયા વર્ષાબેન, નિકિતા બહેન, ખુશી, કાવ્યા સહિત વડીલોના ચરણોમાં વંદન કરી શુભ આશીષ પ્રાપ્ત કરી પોતાનો જન્દિન ઉજવશે તેમજ જરૂરીયાત મંદ બાળકોને બીસ્કીટ અને ફ્રુટ વિતરણ કરશે.

## અમરેલી : ગજેરા કેમ્પસનાં ડીએલએસએસ ખેલાડીઓએ જવાહરલાલ નહેરૂ અંડર ૧૫ બોયઝ હોકી ચેમ્પીયનશીપમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો



અમરેલી, તા. ૨૧

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ જવાહરલાલ નેહરૂ અંડર ૧૫ બોયઝ હોકી ચેમ્પીયનશીપનું આયોજન રાજકોટ મુકામે થયેલું હતું. આ સ્પર્ધામાં જીલ્લાના વિવિધ શાળઓમાંથી આવેલ હોકી ટીમો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવેલ. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના જીલ્લા કક્ષા સ્પોટર્સ સ્કૂલ હોકી ટીમના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ જેજઠા અક્ષય, ગોહિલ યુગ, બારીયા કુલદીપ, ગોંડલીયા ધ્રુવ, ગોરી સલમાન, સરવૈયા સંજય, પટેલ વંશ, મકવાણા સુજલ, મકવાણા અસ્મિત, મુસાસાગરા અલ્ફેજ, રાતડીયા આર્યન, વાઘેલા જનક, સાંગા વ્રજ, વાઘેલા નયન, રાઠોડ રાજન, સોલંકી જેસલરાજ અંડર - ૧૫ બોયઝ હોકી ચેમ્પીયનશપમાં વિજય મેળવેલ. વિજેતા તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન પાઠવ્યા હતાં.

## રાજુલા : ખોજા શીઆ ઈશના અશરી જમાતના હોદ્દેદારોની વરણી



રાજુલા, તા. ૨૧

રાજુલા અબ્બાસી હોલમાં નવા હોદેદારોની વરણી કરવા મીટીંગ યોજવામાં આવેલ જેમાં ચુંટણી કમિશનર જનાબ અલીનવાઝભાઈ લાખાણી તથા મહંમદ રઝાભાઈ મુની અને શહેર નાં અગ્રણી કાર્યકરો અક્ષયભાઈ ધાખડા, રાજુદાદા ઝાખરા, અમીતભાઈ બાબરીયા, અમિતભાઈ રવૈયા વિગેરે અગ્રણીઓ હાજર રહેલ તથા સમસ્ત મુસ્લીમ જમાતના પ્રમુખ જનાબ આરીફભાઈ જોખીયા જાફર ભાઈ જોખીયા જુસબભાઈ ભોકિયા, યાકુંબભાઈ ચાવડા વિગેરે અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા હતા. તથા ખોજા સમાજ ના અગ્રણી કાર્યકરો હાજી રમજાન ભાઈ ચારણિયા, હાજી આરીફભાઈ ઝૈન અલ્તાફ ભાઈ રૂપાણી, હસનૈન ભાઈ રાજાણી વિગેરે એ હાજરી આપેલ.

જેમાં રાજુલા ખોજા સમાજના હોદેદારોની બીનહરીફ નીમણુંક કરવામાં આવેલ છે. ખોજા શિઆ જમાત માં નવા હોદેદારોની વરણી થતાં સમાજ માં ખુશીની લાગણી પ્રસરેલ છે. આ કાર્યક્રમમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલી જેમાં પ્રમુખ આશીકભાઈ મુની, ઉપપ્રમુખ અશફાક ભાઈ લાખાણી મહામંત્રી સીરાજભાઈ લાખાણી સેક્રેટરી નિસારભાઈ સુંદરાણી, જોઈન્ટ સેક્રેટરી માસુમભાઈ કમાણી, ખજાનચી નાસીરભાઈ જમાણી તથા* મેનેજર સુલતાનભાઈ માસ્તરની નિમણૂક કરવામાં આવેલ છે.

### સાલ-મોમેન્ટો સાથે એરપોર્ટ ખાતે

## અમરેલીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું સ્વાગત કરતાં વેપારી અગ્રણીઓ

### ચતુરભાઈ અકબરી સહિતનાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૨૧

ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અમરેલી ખાતે પધારેલ આ પ્રસંગે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બરમ ઓફ કોમર્સની ટીમ દ્વારા મુલાકાત કરવામાં આવેલ સાલ, મોમેન્ટો, હવેલીનો પ્રસાદ ખેસ પહેરાવી સ્વાગત કર્યુ આ પ્રસંગે ગુજરાત સરકાર ના મુખ્ય ઉપદંડક અને અમરેલી વડિયા કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તથા અમરેલીના સાસંદ ભરતભાઈ સુતરીયા તથા સા કુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કશવાલા તથા ધારી બગસરા ના ધારાસભ્ય જે. વી. કાકડીયા તથા બાબરા લાઠી ના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને અમરેલી નગરપાલિકાના વોર્ડ નંબર ૩ ના સદસ્ય પિન્ટુભાઈ કુરૂંદલે ઉપસ્થિત રહેલ આ દરમિયાન ભુપેન્દ્રભાઈ પટેલ ને અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બરમ ઓફ કોમર્સ ની ટીમ દ્વારા અમરેલીના સર્વાંગી વિકાસ અમરેલી ખેતી આધારિત જિલ્લો છે ત્યારે અમરેલીમાં નવા ઉધોગ લેવા જેથી અમરેલી ના લોકો ને રોજગાર મળી રહે અને અમરેલીથી હઝરતના કરવી પડે એ માટે મુખ્યમંત્રી ને લેખીત રજુઆત કરતી અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બરમ ઓફ કોમર્સની ટીમ, ચતુરભાઈ અકબરી પ્રમુખ, હરેશભાઈ સાદરાણી કાર્યકારી, જીલુભાઈ વાળા મહામંત્રી, યોગેશભાઈ કોટેચા ઉપપ્રમુખ., મુકુદભાઈ ગઢીયા એડવાઈઝર, યોગશ ગણાત્રા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, પરેશભાઈ પારેખ કારોબારી સભ્ય સહિતની ટીમ ઉપસ્થિત રહેલ એમ યોગેશભાઈ કોટેચાની યાદી જણાવેલ છે.


બાબરામાં મકાન વેચવાનું છે

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ : ૨૦૨– ૧૯૬૨**

પ્રિય વાચક મિત્રો ,

ફિલ્મી સફર શરૂ કરતાં પેહલા એક સામાન્ય વાત કરીયે, અમરેલીમાં આ અંક પ્રસિદ્ધ થસે ત્યાં સુધી માં મુખ્ય મંત્રી આવી ગયા હશે અને અમરેલીના રસ્તા, ટ્રાફિકના નિયમોથી લઈ ખાડા દૂર કરવા સુધી તૈયાર થઈ રહ્યા છે. આ વાત માત્ર અમરેલી ની નથી. ભારતના તમામ શહેરોની છે. જયાં નેતાઓ જાય છે. ત્યારે , સફાઈ, રસ્તા, રખડતાં ઢોર, સ્વાન, બધુ સરખું થઈ જાય છે અને માત્ર એક બે કલાક માટે શું ભારતની જનતાનો કોઈ વાંક છે કે તેમને કાયમી ધોરણે આવી સુવિધાઓ મળતી નથી . આ પ્રશ્ન મને સતાવી રહ્યો હતો. તો તમારી સાથેની લાગણીઓથી જોડાયેલ છુ . તો તમો ને પુછ્યું ? શું ભારતની જનતાનો કોઈ વાંક ગુન્હો છે ? કે તેમણે સશયાઓથી પરેશાન જ રેહવાનુ છે ? નેતા આ ને ગોળ અને જનતાને ખોળ .આ કેવી લોકશાહી છે ? ફિલ્મી સફરમાં હિન્દી સિનેમાના બે મહાન કલાકાર છેલ્લા ચાર વર્ષો થી નાની મોટી ભૂમિકાઓ ભજવી રહ્યા છે પણ અહી આપણે તેમનો પરિચય કર્યો નથી. એક છે પ્રેમ ચોપડા, જેમનો પરિચય આગામી વર્ષમાં તેમની ખલનાયક તરીખેની સફળ ફિલ્મ સાથે કરીશું. બીજા છે. મુમતાઝ, જેઓ બાળ કલાકારથી હવે યુવા થઈ ગયા છે. તેમનો ટૂંકમાં પરિચય કરીયે.મુમતાઝ (અંડર સ્કૅાર)ની અસ્કરી જેને લોકો મુમતાઝના નામથી જાણે છે. તેમનો જન્મ ૩૧/૭/૪૭ ના રોજ મુંબઈમાં થયો. તેમના પિતા અબ્દુલ સલિમ અસ્કરી એક વેપારી હતા. તેમની માતા શાદી બાનુ સાથેના સંબંધો મુમતાઝના જન્મના એક વર્ષમાં પૂરા થઈ ગયા. મુમતાઝને એક મોટી બહેન હતી. જેનું નામ મલ્લિકા છે. મલ્લિકા માત્ર ૧૪ વર્ષની વયથી હિન્દી સિનેમામાં જોડાયેલા હતા. તેઓ એ ઘણી ફિલ્મો માંસહાયક અભિનેત્રી રૂપે કામ કર્યુ છે. તેમણે દારા સિંગના ભાઈ રંધાવા સાથે લગ્ન કર્યા. તેમનો પુત્ર શાદ રંધાવા પણ અભિનેતા રૂપે આવેલ છે. વાત મુમતાઝની ચાલી રહી છે. તો મુમતાઝ તેમની બહેન મલ્લિકાના સહયોગથી બાળ કલાકાર રૂપે ૧૯૫૮થી એટ્લે કે માત્ર ૧૧ વર્ષની વયથી હિન્દી સિનેમામાં આવ્યા. પ્રથમ બાળ કલાકારના રૂપમાં સોને કી ચિડિયા ફિલ્મમાં દેખાયા, ત્યારબાદ ૧૯૬૨ના સમયમાં તેઓ માત્ર ૧૫ વર્ષની વયમાં ફિરોઝ ખાન સાથે મે શાદી કરને ચલામાં અભિનેત્રી રૂપે આવ્યા, પણ સફળતા હજુ ઘણી દૂર હતી . અભિનેતા દ્વારા સિંગ સાથે મુમતાઝની જોડી જામી અને તેમણે ઘણી ફિલ્મો સાથે કરી પણ સુપર હિટ કહી શકાય તેવી ફિલ્મો હજુ તેમને મળીના હતી. ક્યારેક સહાયક અભિનેત્રીના રોલ પણ તેઓ સ્વીકારી લેતા હતા. રાજેશ ખન્ના સાથે દો રાસ્તેથી તેમનું ભાગ્ય ચમક્યું, બિંદિયા ચમકેગી થી ભાગ્ય ચમક્યું અને રાજેશ ખન્ના જે સુપર સ્ટાર હતા. તેમની સાથે તેમની જોડી હિન્દી સિનેમાની પ્રખ્યાત જોડીઓ પૈકી એક રહી . મુમતાઝ તે સમયે પ્રથમ નંબરના નાયિકા બની ગયા. મુમતાઝ માટે શમ્મી કપૂર બીજા લગ્ન કરવા તૈયાર હતા. તેવું તેમણે એક મુલાકાતમાં કહ્યું હતુ પણ મુમતાજે ૧૯૭૪ માં મયુર માધવાની સાથે જે એક શ્રીમંત વેપારી હતા. લગ્ન કર્યા અને હિન્દી સિનેમાનો ત્યાગ કર્યો હતો. તેમની પુત્રી નતાશાનાં લગ્ન તેમણે ફિરોઝ ખાનના પુત્ર ફરદીન ખાન સાથે કર્યા છે. તેમને બ્રેસ્ટ કેન્સરની બીમારી પણ લાગુ પડી હતી. પણ હાલ તેઓ ૭૭ વર્ષની વયે તેમના પરિવાર સાથે જીવન પસાર કરી રહ્યા છે.મે શાદી કરને ચલા –રૂપ શોરી ના નિર્દેશનમાં આઈ એસ જોહર, સૈયદા ખાન, ફિરોઝ ખાન, મુમતાઝ, પ્રેમ ચોપડા, દુર્ગા ખોટે, રાજેન્દ્ર નાથ મલ્લિકાથી અભિનીત આફિલ્મ ક્યારે થિયેટરમાં આવી અને જતી રહી તે ઘણાને ખ્યાલ નહીં હોય, ફિલ્મ મુકેશજી, રફી સાહેબ અને સુમન કલ્યાણ પૂરના એક યુગલ ગીત જે ચાર હીરો અને ચાર હિરોઈન પર રજૂ કરાયું છે અને ગીતના શબ્દો છે. જબ સે હમ તુમ બહારો મે ...થી યાદ કરાય છે. આ ગીત જે જૂના ગીતોના શોખીન હશે તેમણે આ ગીત વિવિધ ભારતી પર સાંભળ્યુ હશે. ફિલ્મ એક કોમેડી લવ સ્ટોરી હતી.રિપોટર રાજુ –ફિરોઝ ખાનને કાઉ બોયની ઈમેજની ટેવ પાડતી ફિલ્મ એટ્લે રિપોર્ટર રાજુ, દ્વારકા ખોસલાનાં નિર્દેશનમાં ફિરોઝ ખાન, ચિત્રા, જીવન કલા, રશિદ ખાનથી અભિનીત આ એક ક્રાઈમ થ્રીલર ફિલ્મ હતી. જેમાં ફિરોઝ એક રિપોર્ટર છે. જે એકબનાવનાં તપાસમાં પોતેજ હત્યાનાં આરોપમાં આવી જાય છે અને અંતે મૂજરિમોને જેલ હવાલે કરે છે. અહી ફિરોઝ ખાન એક લડાયક નાયક અને તેની આગવી સ્ટાઈલ હાથમાં સિગારેટ માથા પર કાવ બોય ટાઈપની હેટ સાથે જોવા મળે છે. ફિલ્મ નિષ્ફળ હતી . હવે વાત કરીશું મનોજ કુમારની સફળ ફિલ્મની .






ડા. વિદ્યા – ૧૯૬૦ નો સમય એવો હતો કે, જો યુવતી વધુ અભ્યાસ કરેલ હોય અને શહેરમાં રેહતી હોય અને તેના લગ્ન ગામડામાં ઓછા અભ્યાસ ધરાવતા યુવક સાથે થાય તો તેમનું લગ્નજીવન અંશત સફળ રેહતું હતુ. શહેરની યુવતી આને મોર્ડન ગણવામાં આવતી હતી. જેમાં સંસ્કારનો અભાવ હોય તેવી માનસિકતા તે સમયે હતી સાથે યુવતી અને યુવાનોમાં આજે જે વિદેશોની જેમ રેહવું અને બિનદાસ્ત રેહવું તે પ્રણાલી તે સમયથી શરૂ થઈ હતી. ભારતની સંસ્કૃતિ છોડી, પશ્ચિમી રેહણી કહણીમાં રેહવું તે યુવા આ માટે તેમના જીવન સાથે રમત રમવા જેવુ છે. તે આ ફિલ્મમાં સંદેશ આપવામાં આવ્યો છે. અહી હેલેન તેના વિદેશ થી અભ્યાસ કરી આવેલ પણ ભારતીય સંસ્કૃતિને અનુસરતા પતિને છોડી,પશ્ચિમી રીતોને અનુસરે છે અને પસ્તાય છે પણ તેનો પતિ તેની ભૂલ માફ કરી તેનો સ્વીકાર કરે છે. આ ફિલ્મ રાજેન્દ્ર ભાટિયાના નિર્દેશન અને મોહન સાયગલના નિર્માણમાં મજરૂહ અને રાજા મહેંદી અલી ખાનના ગીતો અને એસ ડી બર્મનનાં મધુર સંગીત , જેમાં સહાયક સંગીતકાર આર ડી બર્મન છે. તેમની સાથે મનોજ કુમાર, વૈજયંતી માલા, લીલા ચિટનીસ, નાસિર હુસેન, મુમતાઝ, મુમતાઝ બેગમ, પ્રેમ ચોપડા, હેલેન, મદન પૂરી, સુંદરથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી.વૈજયંતી એક શિક્ષિત યુવતી છે. તેના લગ્ન ચપણથી જ તેમના માતા પિતા એ તેમના મિત્ર નાસિરનાં પુત્ર મનોજ સાથે નક્કી કરી દીધેલ છે. મનોજ અને વૈજયંતીના લગ્ન થાય છે પણ લગ્ન પેહલા વૈજયંતીનાં કોલેજના મિત્રો હેલેન અને પ્રેમ સાથે ગામડામાં મનોજને તકરાર થયેલ હતી. લગ્નમાં તેઓ મનોજને જોઈ તેને અભણ અને ગમાર કહી અપમાન કરે છે સાથે શિક્ષિત વૈજયંતી તેને હવે ગુલામ બનાવી રાખશે તેવું મેણું મારે છે. તેથી મનોજ વૈજયંતીનો લગ્નનાં દિવસે તેને મળ્યા વગર જ ત્યાગ કરે છે. વૈજયંતી તેનો અભ્યાસ આગળ વધારી એક ડોક્ટર બને છે અને તે મનોજનાં ગામડામાં અભણ નારી રૂપે અને તેના નોકર સુંદરને ડોક્ટર બનાવી જાય છે.

# દવા ના અતિરેક થી બચો–(ભાગ–૧)



ડો. ભાવેશ કે. મહેતા


અમરેલી

પંદર દિવસ પહેલા મારે ગાંધીનગર જવાનું હતું, મારા એક મિત્રને પણ તેના પપ્પાની તબીયત અમદાવાદની એક મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલમાં બતાવાવાનો વારો હતો, મારો મિત્રએ આગલે દિવસે મને કહ્યું હતું કે હું ગાડી લઈને અમદાવાદ જવાનો છું અને ગાડીમાં હું ને પપ્પા બે જ છીએ તું અમારી સાથે જ આવી જજે, અમે સવારે ૫–૪૫ એ અમદાવાદ જવા નીકળ્યા, ૬ વાગ્યા ત્યાં મિત્રના પપ્પાના મોબાઈલમાં એલાર્મ વાગ્યો અને એણે કોઈ દવા લીધી, ફરીથી ૭ વાગ્યે એલાર્મ વાગ્યો અને પાછી દવા લીધી અમે રસ્તામાં ગેલોપ્સ હોટેલે નાસ્તો કરવા ઊભા રહ્યા ત્યાં પાછો એલાર્મ વાગ્યોને તેમણે દવા લીધી, અમે નાસ્તો કરી પાછા ગાડીમાં બેઠા અને મે મિત્રના પાપાને પુછયું કે તમે અત્યાર સુધી માં ત્રણ વાર દવા લઈ લીધી! આખો દિવસમાં કેટલી દવા લ્યો છો ? મને કહે આખો દિવસમાં જુદા – જુદા ટાઈમે ૧૬ જાતની દવા લેવાની હોય છે એટલે ભૂલી ના જાવાયને સમયસર દવા લેવાય એટલે મોબાઈલમાં એલાર્મ સેટ કરેલ છે. મને આશ્ચર્ય થયું કે ૧૬ જાતની દવા ? મે અંકલને કહ્યું મને તમારી ફાઈલ બતાવો ને મારે તમારી દવા અને રીપોટર્સ જોવા છે. અંકલની ફાઈલ મે ધ્યાનપૂર્વક વાચી તેમને હાઈપર ટેન્શન, ડાયાબીટીઝ અને કોલેસ્ટેરોલની તકલીફ હતી, મે તેના બધા જૂના રીપોટર્સ ધ્યાન પૂર્વક જોયા તેમાં અમરેલીના ફીઝીશયન ડોકટરના રીપોટ્ર્સ પણ હતા. મે મારા મિત્રને કહ્યું કે આ તકલીફ માટે છેક અમદાવાદ કેમ બતાવવા જાવ છો ? અમરેલીમાં આ રોગની સારવાર થાય જ છે, મારો મિત્ર કહે અમે અમરેલીમાં એક ખુબજ જાણીતા અને હોશીયાર ડોકટર સાહેબની દવા લેતા જ હતા (આ ડોકટર પાછા મારા મિત્રના ખાસ મિત્ર હતા ) પણ તેમની દવાથી પપ્પાનું ડાયાબીટીઝ કંટ્રોલ નહોતું થતું ! એટલે મારા અમદાવાદમાં રહેતા એક મિત્રએ સલાહ આપી કે અહીની ખ્યાતનામ મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ માં એક ડાયાબીટીઝ ના નિષ્ણાત છે તું ત્યાં બતાવી દે એટલે અમે અમદાવાદ સારવાર શરૂ કરી અને પપ્પાને આ ડોકટરની સારવારથી ડાયાબીટીઝ એકદમ કંટ્રોલમાં રહે છે.

મારા મિત્રએ એ ડોકટરના વખાણ કરવાના શરૂ કર્યા મને કહે અમે સવારે ૧૦ વાગ્યે પહોચી જાઈએ તો છેક સાંજ સુધી પપ્પાની તપાસ થાય, મને આશ્ચર્ય થયું કે ખાલી ડાયાબીટીઝની સારવાર માટે આખો દીવસ તપાસ કરવામાં આવે એવી શું તપાસ કરતાં હશે? મને આખી વાતમાં બરાબર રસ પાડયો મે કહ્યું તમે હોસ્પીટલ પહોચો પછી તપાસમાં શું કરે ? મને કહે પહેલા પહોચી કેસ લખાવી દેવાનો (જેની ફી બે હજાર ) એટલે આપણને એક ટોકન આપે જે લઈને સૌ પ્રથમ લેબોરેટરીમાં જવાનું ત્યાં સેમ્પલ લઈ લે, ત્યારબાદ એક કલાકમાં રીપોટર્સ આવે, એટલે આખના નિષ્ણાંત પાસે આંખ ચેક કરાવવા ની, ત્યારબાદ ડાયેટીશયન પાસે જવાનું જે કયારે શું અને કેટલું ખાવાનું તેનું આપણને લીસ્ટ આપે અને તે મુજબ જ કરવાનું જો તેમાં ફેરફાર કરીએ તો બીજી વાર આપણી એપોઈમેંટ્સ કેન્સલ કરી નાખે, ત્યારબાદ કસરત નિષ્ણાંત પાસે જવાનું જે જરૂરી કસરત શીખાવાડે અને રોજ તેની સાથે ઓનલાઈન કસરતમાં જોડાવવાનું, ત્યારબાદ મેડીકલ ઓફીસર પાસે જવાનું તે બ્લડપ્રેશર, વજન, બી. એમ. આઈ ચેક કરે અને છેક સાંજે મુખ્ય ડોકટર પાસે વારો આવે તે બધા રીપોટર્સને બધુ જોઈ અને જે દવા ચાલુ હોય તેમાં જરૂર લાગે તો ફેરફાર કરી ત્રણ મહીનાની દવા લખી આપે, આ ડોકટરની દવા થી બધા ડાયાબીટીઝના દર્દી ને સારૂં જ રહે છે, મે મારા મિત્ર ને પુછયુ કે તમે અમરેલી દવા લેતા હતા ત્યારે અંકલ બધી પરેજી પાળતા હતા ? મને કહે બહુ પરેજી નહોતા રાખતા પપ્પા ખાવાના શોખીન છે એટલે અમે બહુ નહોતા કહેતા અને અમરેલીના ડોકટર પણ મારા મિત્ર છે એટલે એ પણ પાપાને પરેજી બાબતે બહુ કડકાઈથી નહોતા કહેતા.

**મર્મ સ્થાન :** આ આખી ચર્ચા એટલા માટે કરી કે આપણે કોઈપણ રોગમાં સારવાર બાબતે જે પરેજી પાળવી જોઈએ એ નથી પાળતા અને ફક્ત દવાથી આપણો રોગ સારો રહેશે એવું માનીએ છીએ, ડાયાબીટીઝ, હાઈપર ટેન્શન, ઓબેસીટી, કોલેસ્ટેરોલ આ બધા તો લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે મતલબ કે તમારી ખોટી ખાવા – પીવાની આદતોને કારણે જ થયા છે અને એને જો કંટ્રોલ કરવા હશે તો દવા સાથે પરેજી ખુબજ અગત્યની છે નહી તો ગમે તેટલી દવા લેવા છતા પણ રોગ કંટ્રોલ માં નહી રહે,

મિત્રના પપ્પાને અમરેલીના ડોકટરે જે દવા આપી હતી તે જ દવા અમદાવાદના ડોકટરે આપી હતી, મને તો એવું લાગ્યું કે અમરેલીના ડોકટરે તો વધુ સારી કંપની ની દવા આપી હતી અને જરૂર પૂરતી ફક્ત ચાર જાતની જ દવા આપી હતી, જયારે અમદાવાદના ડોકટરે જરૂરી દવા ઉપરાત કેલ્શીયમની, વિટામીનની એસીડીટી આવી વધારાની દવાઓ આપી હતી જે મને આ રોગ માટે બહુ જરૂરનો લાગી, મિત્રના પપ્પા ને અમદાવાદ ના ડોકટરની દવાથી રોગ કંટ્રોલમાં હતો તેવું મને નો લાગ્યું પણ ફરજીયાત ખાવા – પીવાની જે પરેજી અને નિયમીત કસરત કરાવતા હતા તેનાથી તેનો રોગ કંટ્રોલ માં હતો, અમરેલીના ડોકટર તેને આ ભારપૂર્વક નહોતા કહેતા એટલે દવા લેવા છતાય રોગ કાબૂમાં નહોતો આવતો.



આજની ચર્ચાનો મુખ્ય મુદો એ છે કે મિત્રના પપ્પાને ફક્ત ચાર જાતની દવાની જ જરૂર છે તો સોળ પ્રકારની દવા શું કામ લેવી ?

મને એવું લાગ્યું કે અમદાવાદના ડોકટરએ આટલી બધી દવાઓ એટલા માટે લખી હશે કે જો અમરેલીના ડોકટર જેટલી જ દવા આપશે તો દર્દીને બહુ વિશ્વાસ નહી આવે, વધારે દવા લખવાથી દર્દી રોગની ગંભીરતા સમજી બધી પરેજી અને દવાઓ સમયસર લે આ કારણથી આટલી બધી દવાઓ લખતા હશે તેવું મને લાગ્યું. દર્દીનું પણ એવું જ છે જો ઓછી દવા લખે તો એને બહુ ડોકટર ઉપર વિશ્વાસનો બેસે અને ડોકટર જેટલા મોંઘા એટલી સારવાર સારી આવું દર્દીઓ સમજતા હોય છે અંકલની એક દિવસની બતાવવાનો ખર્ચ બાર હજાર રૂપીયા થયો અને ત્રણ મહીનાની દવાના પંદર હજાર અમરેલીમાં આ ખર્ચ ડોકટરની ફી અને દવા સાથે કુલ તેને ૬ હજાર થતો હતો (મારો મિત્ર આ ડોકટર વિશે એવું કહેતો હતો એ ડોકટર એટલા હોશીયાર છે કે ને બતાવાવા તો ત્રણ મહીના પહેલા એપોઈમેંટ લેવી પડે ). આવું જ આજકાલ ડેન્ગ્યુ, ચીકન ગુનીયામાં મે જોયું હાલ માં અમરેલી જીલ્લામાં આ બંને રોગના કેસો બહુ છે મે જોયું કે ઘણા ડોકટરો જરૂર નથી તેવી દવાઓ આ બંને રોગમાં ખૂબ લખે છે, મે મારા પુત્ર ડો. મીત (એમ. ડી. સેકન્ડ યર સીવીલ હોસ્પીટલ –અમદાવાદ)ને પુછયું કે તમે ડેન્ગ્યુ – ચીકન ગુનીયામાં શું સારવાર આપો છે ? મને કહે પપ્પા અમે ખાલી પેરાસીટામોલ જ આપીએ છીએ અને ખૂબ પાણી પીવાનું કહીએ છીએ ..**(ક્રમશઃ)**

**મર્મ બિંદુ :** એ ડોકટરની એટલી સારી પ્રેકટીસ ચાલતી હતી કે ઘણા દર્દીને તે એવું કહી દે છે કે તમારે કોઈ દવા ની જરૂર નથી.

# ‘અનમાત વિશે સાદી સમજ’

પહેલું તો એજ કે અનામતએ ગરીબી દુર કરવાની કોઈ યોજના નથી, અનામત માટે બંધારણમાં ‘પ્રતિનિધિત્વ’ શબ્દ પ્રયોગ કર્યો છે.

અનામતનું નામ આવે એટલે કેટલાંકને રીતસરનું પેટમાં દુખવાનું ચાલુ થઈ જાય. પણ કયારેય અનામત શું છે અને કેમ મળી એ વિશે વિચાર પણ ન કરે અને અધુરૂં જ્ઞાન લઈને આવી જાય છે.

ભારતની આઝાદી પૂર્વેથી ભારતની પ્રજા બે ભાગમાં વહેંચાયેલી હતી, જાતિવાદના કારણે શોષિત વર્ગ અને એક શોષણખોર વર્ગ અને એટલી હદે આ જાતિવાદની સમસ્યા હતી કે એક ચોક્કસ વર્ગને શિક્ષણ, મિલકત, અને સામાજીક મોભ્મો મળે એવી દરેક બાબતથી હજારો વર્ષો સુધી દુર રાખ્યા હતાં, એટલે જ અસમાનતા બહુ મોટી ખાઈ ઉભી થઈ હતી, એક સમાજ પાસે મિલકત, જમીન, પૈસા, શિક્ષણ, એ બધુ જ હતુ અને એક સમાજ પાસે એ વર્ગની ગુલામીગીરી સિવાય કંઈ હતું નહીં, મહેનત કર્યા પછી પણ બે સમયનું ભોજન સરખુ નહોતું મળતુ એવી પરિસ્થિતિ હતી. એટલે એક ચોકકસ શોષિત સમાજ ભારતની આઝાદી પછી પણ બધાની સાથે બરોબરી ન કરી શકયો. બંધારણ બનાવનારને આ બાબત ખબર હતી એટલે બંધારણમાં અનામતની બાબત ઉમેરી. જે સમાજને અનામતનો લાભ નથી મળ્યો એ સમાજ તેમની સાથે અન્યાય થયો હોવાની ફરીયાદ કર્યા કરે છે. પણ અનામત કેમ આપી એના પર ચિંતન નથી કરતાં. અનામત અંગે ભારતીય બંધારણમાં ‘ પ્રતિનિધિત્વ’ શબ્દ આપ્યો છે. વંચીત સમાજને પ્રતિનિધિત્વ આપવું એટલે અનામત. બંધારણની કલમ ૧૫(૪), ૧૬(૪), ૩૩૮(૩) અને ૪૪૦(૧)માં પછાત વર્ગ તરીકે ઉલ્લેખ. બંધારણની કલમ ૪૬ રાજયસરકારને પછાતવર્ગના શોષણ સામે રક્ષણ આપવાનો આદેશ કરે છે.

સામજમાં આજે પણ બે વર્ગ છે. અનામતનો લાભ મળે છે એ અને અનામનનો લાભ નથી મળતો. અને આજે પણ આ બને વર્ગ વચ્ચે આર્થિક, સામાજીક, માનસિક અસમાનતા છે. પ્રશ્ન થાય કેવી અસમાનતા તો એ પણ સમજીએ.

**‘કેવી અસમાનતા’ :**

અનામતનો લાભ નથી મળ તો એનું કારણ છે. વર્ષો સુધી જાતીવાદના કારણે થયેલ અન્યાય, જાતિવાદના કારણે વર્ષો સુધી કોઈ એક સમાજ પર શોષણ કર્યુ, ગુલામી કરાવી, વેઠ ઉતારાવી, અરે માણસ પણ ન ગણ્યાં. આર્થિક રીતે એકદમ પાયમાલ કરી દીધા, સામાજીક રીતે પણ મોભ્મો છીનવી લીધો, અને સૌથી વધારે માનસિક રીતે એ રીતે તૈયાર કર્યા કે અવાજ ઉઠાવી ન શકે કે પોતાનું સ્વમાન જાળવી ન શકે, હવે આજ પરિસ્થિતિ ભારતનાં આઝાદી સમય સુધી હતી જ, બંધારણના અમલમાં આવવાથી અત્યાચાર, અન્યાય ઓછો તો થયો, પણ એમની આર્થિક પરિસ્થતિમાં એમ કોઈ ફરક ન આવ્યો, કેવી રીતે આવે બધુ તો છીનવી લીધુ હતું. ? મુદાની વાત એ કરવી છે કે અનામતનો લાભ નથી મળતો પણ અગાઉથી તમને બાપદાદા તરફથી મળેલી અઢળક મિલકત મળી છે. જયારે એમાં ભણવાની વાત આવે છે ત્યારે તમને ભણવાની અઢળક સુવિધા મળે છે, મોંઘી દાટ સ્કુલો, ટયુશન કલાસસીસ, ઘરમાં અલગ રૂમ, જોઈએ એ જરૂરી પુસ્તકો મળી રહે, આવવા જવા માટે પોતાના વાહનો, ભણવા માટે દરેક જરૂરી સુવિધા મળી રહે છે. હવે જેને અનામત મળે છે એની પરિસ્થિતિ ભણવાનું સરકારી સ્કુલમાં, પુસ્તકો વસાવી ન શકે, નોટબુક ખરીદી ન શકે, થોડા મોટા થાય એટલે ઘરની આર્થિક જવાબદારી માથે આવી જાય, માહિતીનો અભાવ, કોઈ ટયુશનની વ્યવસ્થા નહીં, સારી કોલેજની ફી ન ભરી શકે, વધારે ભણવાનું ઈચ્છા હોય તો પરીવાર લોન લઈને અથવા થોડી ઘણી જમીન હોય એ વેચીને પણ ભણાવે, એમાં થોડો અનામતનો ટેકો મળે, આટલી અસમાનતા હોય અને તોય આટલી સુવિધા મેળવી લેતાં લોકો અનામતનો વિરોધ કરે ત્યારે ખરેખર નવાઈ લાગે, આ અસમાનતા જાતિવાદની જ દેન છે એટલે જયાં સુધી જાતિવાદ છે ત્યાં સુધી અનામત પણ રહેવી જોઈએ, કયારેક આર્થિક અસમાનતા વિશે વિચારી વિચારી જોજો અનામત કેમ જરૂરી છે એ સમજાય જશે, વર્ષો સુધી જાતિવાદના કારણે અન્યાય થયો અને હવે ૭૦ વર્ષમાં અનામતને કારણે સમાનતા આવી ગઈ છે ? કયારેક ગામડાંઓમાં જઈને અનામત મેળવનાર અને અનામત નથી મળતી એમના ઘરો જોઈ લેશો તોય અસમાનતા શું કહેવાય એ સમજાય જશે.


શ્રી કાંતિલાલ પરમાર

સામાજિક કાર્યકર્તા

મો. ૯૮૨૭૭ ૪૫૩૯૭

અમદાવાદ(ગુજરાત)


**‘અનામત ૧૦ વર્ષ માટે હતી એવી ખોટી માન્યતા’:**

આજ સુધી ઘણાંને કહેતાં સાંભળ્યાં છે કે અનામત ફક્ત ૧૦ વર્ષ માટે જ હતી. આ બાબત વિશે નેતાઓ, સમાજ સેવકો, પત્રકારો, અને સામાન્ય લોકો પણ ચર્ચા કરતાં હોય છે. એમ જ માને છે અનામત ૧૦ વર્ષ પુરતી જ હતી, પણ આ માહિતી સદંતર ખોટી છે. અને આ ખોટી માહિતીના કારણે જ ઘણીવાર અનામત વિવાદમાં આવે છે. ભારતના બંધારણ મુજબ શૈક્ષણિક અનામત અને નોકરીમાં અનામત માટે ૧૦ વર્ષના સમયગાળનો કોઈ ઉલ્લેખ નથી.

– શિક્ષણમાં અનામત એ આર્ટીકલ ૧૫ ( ૪ ) મુજબ મળે છે. બંધારણ પ્રમાણે એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. વર્ગને શિક્ષણમાં સરકારી અને ખાનગી સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા છે. અને જાતિવાદના કારણે શિક્ષણથી વંચીત રહેલ સમાજને બંધારણમાં અનામત થકી જ શિક્ષણમાં ‘પ્રતિનિધિત્વ’ કરવાની વ્યવસ્થા મળી છે. અને ખાસ તો શિક્ષણમાં અનામત અંગે ૧૦ વર્ષ માટેની કોઈ એવી સમયમર્યાદાનો ઉલ્લેખ બંધારણમાં નથી. એટલે જો કોઈ શિક્ષણમાં ૧૦ વર્ષની અનામતની જોગવાઈ અંગે વાત કરે તો એ તદ્દન ખોટી માહિતી છે.

–સરકારી નોકરીમાં અનામત બંધારણની કલમ ૧૬ ( ૪ ) મુજબ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, અને અન્ય પછાત વર્ગ માટે નોકરીમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. વિચારો એક સમયે ગટરો સાફ કરવા, જેવા કામો જ કરાવતાં હતાં એમને અનામત દ્વારા ઓફીસરો પણ બનતાં જોયા, આપણી સમાજ વ્યવસ્થા એવી હતી જ નહી કે અનામત વગર આ શકય બને. આપણી માનસિકતા તો ચોકકસ વર્ગને ગુલામીમાં રાખવાની જ હતી. એટલે એમ માની શકાય કે બાબા સાહેબને ખબર હતી કે વર્ષોથી ઘર કરી ગયેલી જાતિવાદની માનસિકતા ટુંક સમયમાં અનામત દ્વારા નાબૂદ નહિ થાય એટલે શિક્ષણની સાથે નોકરીના બંધારણમાં અનામત મુદે કોઈ સમયગાળો નક્કી રાખવામાં આવ્યો નથી. એટલે જયારે કોઈ નોકરીમાં ૧૦ વર્ષની અનામતની વાત કરે તો એ ખોટી માહિતી ફેલાવે છે. એવું કહી શકાય.

– રાજકીય અનામત વિશે મૂળ બંધારણની કલમ ૩૪૪ મુજબ ૧૦ વર્ષ સુધી અનામત ચાલુ રાખવાની જોગવાઈ હતી. જેમાં એસ.સી./એસ.ટી. અને એંગ્લો ઈન્ડીયન માટે લોકસભા, વિધાનસભામાં બેઠક અનામત રાખવાનો સમયગાળો ૧૦ વર્ષનો હતો. એ પછી બંધારણના અલગ અલગ સુધારા જેમાં ૮,૨૩,૪૫, ૬૨, ૭૯, અને છેલ્લે ૨૦૦૯ નો ૯૫મો સુધારા બીલમાં ૧૦–૧૦ વર્ષ સુધી અનામત ચાલુ જ રાખવી એવો સુધારો થયો છે જે ૭૦ વર્ષ સુધી ચાલુ છે.

એટલે અનામતની જોગવાઈમાં ૧૦ વર્ષ સુધી જે વાત હતી એ ફક્ત રાજકીય અનામતની વાત હતી.

**‘આજે અનામતની જરૂર ખરી ?’ :** અનામત ફક્ત શિક્ષણ, નોકરી અને રાજકીય લાભ આપવા પુરતી વ્યવસ્થા ન્હોતી, અનામતનો હેતુ એક ચોકકસ સમાજને જાતિવાદના કારણે સામાજીક મોભ્મો પણ નહોતો મળતો એ સામાજીક મોભ્મો અને સમાજમાં સ્વમાનભેર જીવી શકે એ પણ હતો. અનામત દ્વાર શિક્ષણ, અને નોકરી તો મળી જાત પણ વિચારો, પટેલ, દેવ, જોષી, બ્રાહ્મણ, અટક જેવી ઉચ્ચ જાતિની અટકો જોઈને જે માન મળતુ એ શિક્ષણમાં કે નોકરીમાં એક સાથે કલાસમાં કે ઓફીસમાં બેઠેલ પરમાર, મકવાણા, સોલંકી, અથવા ગામીત, વસાવા અટક વાળાને એટલુ જ માન મળતુ હતું? અટકો જોઈને તો શિક્ષણ અને નોકરીમાં અન્યાય થતો અને આજે પણ ઘણી જગ્યાએ થાય છે. આજ અન્યાય દુર કરવા માટે આજે પણ અનામત જરૂરી છે. આજે પણ આઈ.પી.એસ, આઈ.એ.એસ અથવા તો કોઈ ઉચ્ચ સ્તરના અધિકારીઓ જેમને અટકના કારણે અપમાનજનક શબ્દપ્રયોગ સાંભળવા મળ્યા હોય એવાં પણ કિસ્સા જોય છે. આજે ૭૦ વર્ષ બાદ પણ અસ્પૃશ્યતા, જાતિવાદ, વાળી માનસિકતા ધરાવનાર લોકો હયાત છે. આજે પણ એક ચોકકસ વર્ગના લોકો ગટરમાં ઊતરવા મજબુર છે. જે અસમાનતા હતી એમાં થોડો ઘણો બદલાવ તો આવ્યો છે પણ એટલો પણ બદલાવ નથી આવ્યો કે અનામતનો લાભ બંધ કરી તેમનો અધિકાર છીનવી લેવામાં આવે. છેલ્લે મૂખ્ય વાત જાતિવાદના કારણે અનામત છે. અનામતના કારણે જાતિવાદ નહીં ઈલાજ કરવો હોય તો પહેલાં જાતિવાદ દુર કરાય અને પછી અનામત, કોઈએ એવી ખોટી વાત ન કરવી કે આજના સમયમાં જાતિવાદ જેવુ કંઈ રહ્યુ નથી, રોજના અખબારો ઉઠાવી જોઈ લો એક સમાચાર તો જાતિવાદના નામ અત્યાચારના હશે જ, આજે પણ શહેરમાં ચોકકસ જાતિના હોવાથી ઘર નથી મળતુ, એટલે અનામત હજુ ચાલું જ રાખવાની જરૂર છે. પહેલાં માનસિકતા બદલો બધુ આપો આપ બદલાય જશે.

# રાજુલાનાં ખાખબાઈ ગામે બ્લડ ડોનેશન કેમ્પ દ્વારા ૨૭ બોટલ એકત્રિત કરી જરૂરિયાતમંદોને અર્પણ કરાયુ



આયુષ્માન ભવઃ અભિયાન કાર્યક્રમ અંતર્ગત ઈમરજન્સી સમયે સરળતાથી બ્લડ મળી રહે તેના ભાગરૂપે રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે સ્વ. મગનભાઈ ઉકાભાઈ કલસરીયાની ઉત્તરક્રિયા નિમિત્તે આરોગ્ય વિભાગનાં સહયોગ સાથે બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન આહિર સમાજની વાડી ખાતે કરવામાં આવેલ. કેમ્પમાં એકત્રિત થયેલ ૨૭ બોટલ બ્લડ જરૂરિયાતમંદ વ્યકિતઓને ઈમરજન્સીના સમયે સળ રતાથી મળી રહેશે. રકતદાન કરવાથી સ્ટ્રેસ લેવલ ઘટે છે અને મેન્ટલી તમે હેલ્થી રહો છો. હાર્ટ એટેક અને હાર્ટ સ્ટ્રોકનો ખતરો ઓછો થઈ જાય છે જેવા વિવિધા ફાયદાઓ થતાં હોય લોકો ધ્વારા એકવાર અવશ્ય રકતદાન કરવામાં આવે તેવું તાલુકા હેલ્થ ઓફિસર ડો. નિલેશ કલસરીયા ધ્વારા જણાવેલ. જયારે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સનાભાઈ મકવાણા ધ્વારા ખાખબાઈ સહિતનાં આરોગ્ય કેન્દ્રના ગામોમાં બ્લડ ડોનેશન સહિતના કેમ્પો ધ્વારા લોકોની આરોગ્ય સુખાકારી વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ખાખબાઈ ગામે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં દિનેશભાઈ મગનભાઈ કલસરીયા, શૈલેષભાઈ મગનભાઈ કલસરીયા, દિપક જોધાભાઈ કલસરીયા, સનાભાઈ મકવાણા, પી.ડી. ચૌહાણ, શૈલેષભાઈ ખસિયા તેમજ ગ્રામજનો અને મહેમાનો ધ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ ટોટલ ૨૭ લોહીની બોટલ એકત્રિત કરી ઈમરજન્સીના સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે પિયુષભાઈ જાદવનાં હસ્તે શાંતાબા જનરલ હોસ્પિટલ બ્લડ બેન્ક અમરેલીને સમર્પિત કરી અનેરૂ યોગદાન આપેલ જે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયાની યાદીમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૬ | ૧૪૭૧ |
| ૨ | ઘઉં | ૪૬૦ | ૫૫૯ |
| ૩ | કાળા તલ | ૩૫૧૦ | ૩૫૧૦ |
| ૪ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૪૦ |
| ૨ | કપાસ | ૧૧૧૫ | ૧૬૩૫ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૩૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૫ |
| ૫ | જુવાર | ૫૦૫ | ૮૬૦ |
| ૬ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | અડદ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ૧૦ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૫૦ |
| ૧૧ | એરંડી | ૧૦૫૧ | ૧૦૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૫ | ૧૦૯૯ |
| ૨ | શિંગ મોટી | ૭૫૧ | ૧૧૦૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૮૩૨ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૬૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૫૫ | ૩૩૬૧ |
| ૭ | બાજરો | ૩૭૨ | ૪૮૧ |
| ૮ | જુવાર | ૩૭૬ | ૭૭૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૩૮ | ૫૯૯ |
| ૧૧ | મગ | ૧૧૧૧ | ૧૫૯૦ |
| ૧૨ | અડદ | ૧૩૫૬ | ૧૬૨૬ |
| ૧૩ | ચણા | ૧૧૫૦ | ૧૪૯૯ |
| ૧૪ | તુવેર | ૯૮૦ | ૧૯૫૫ |
| ૧૫ | વાલ | ૧૪૬૫ | ૧૪૬૫ |
| ૧૬ | કપાસ | ૯૬૦ | ૧૬૪૦ |
| ૧૭ | એરંડા | ૧૦૩૦ | ૧૨૨૫ |
| ૧૮ | જીરૂ | ૧૮૨૫ | ૪૬૨૦ |
| ૧૯ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ૨૦ | ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | મેથી | ૮૪૦ | ૧૧૦૩ |
| ૨૨ | સોયાબીન | ૮૭૫ | ૮૮૮ |
| ૨૩ | વરીયાળી | ૮૦૦ | ૧૦૯૫ |

### આગામી તા. ૨૭ સપ્ટેમ્બર

# જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

### જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા દિશાદર્શન

અમરેલી, તા. ૨૧

સમગ્ર રાજયમાં ગરીબ કલ્યાણ મેળા યોજાશે. લાભાર્થીઓને એક સ્થળ પર લાભ મળી રહે તે માટે આગામી તા.૨૭સપ્ટેમ્બર,૨૦૨૪નેશુક્રવારનારોજ અમરેલીખાતેજિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે. વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય કીટનું વિતરણ થશે.

જિલ્લાકક્ષા ગરીબ કલ્યાણ મેળાના આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.સુચારૂ આયોજન માટે જિલ્લા કલેક્ટર અજય દહિયાએ દિશાદર્શન કર્યુ હતું. સંબંધિત કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અને કામગીરી તથા કાર્યક્રમને લગતી તમામ વ્યવસ્થાઓ, આયોજન સુચાઢ રીતે થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાની કામગીરી માટે દેખરેખ અને સંકલન સહિતની જવાબદારી અને ફરજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી બજાવશે.

કાર્યક્રમ સ્થળે પીવાનું પાણી, લાભાર્થીઓ–મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, વિવિધ યોજનાકીય સ્ટોલ્સ, પી.એમ.વિકર્મા યોજનાનું રજિસ્ટ્રેશન કરવું, કાર્યક્રમના સ્થળે ટ્રાફિક નિયમન, વાહન પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્ટેજસંચાલન, જિલ્લા કંટ્રોલ રૂમઅને તેમને સોંપવામાં આવેલી ફરજઅને કામગીરી માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર ગોહિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, પ્રાંત અધિકારી સહિતના અધિકારી –કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૩ | ૧૬૭૭ |
| ૨ | જીરૂ | ૪૦૪૦ | ૪૭૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૮ | ૫૭૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ જીણી | ૮૦૦ | ૧૦૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૬૬ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૪૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| ૫ | જીરૂ | ૪૩૦૦ | ૪૬૫૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૭૩ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૯૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૪૧ | ૫૯૨ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૯૦ |
| ૧૦ | જુવાર | ૬૦૧ | – |
| ૧૧ | મકાઈ | ૩૫૦ | ૫૫૩ |
| ૧૨ | અડદ | ૧૭૦૨ | – |
| ૧૩ | ચણા | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ૧૪ | તુવેર | ૧૮૧૯ | – |
| ૧૫ | એરંડી | ૧૦૦૯ | ૧૧૬૦ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૪૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## ખેડુતોને ખેતી કાર્યમાં

થાય છે અને હાલ કપાસનાપાકને પાણીની જરૂરીયાત ખૂબ જ વધારે હોય છે પરંતુ હાલમાં વરસાદ નથી જેના કારણે કપાસનો પાક નિષ્ફળ જા તેમ જેથી હોય ગુજરાત સરકાર દ્વારા ખેતીવાડીમાં ૮ કલાક વિજળી આપવામાં આવે છે. પરંતુ જેમાં ૪ કલાકનો વધારો કરી પ્રતિદિન ૧૨ કલાક ખેડૂતોને વીજકાપ સહિત વીજળી ફાળવવા જીલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે ધારાસભ્ય કસવાલાને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## મોટી કુંકાવાવનાં ઘનશ્યામનગરનાં

ફાઈનાન્સ તથા બેન્કમાંથી આશરે રૂપિયા સાડા પંદર લાખની લોન લીધેલ હોય અને કામધંધો બરાબર ચાલતો ન હોય. જેથી આ લોનના હપ્તા ભરી શકતા ન હોય અને ફાઈનાન્સ તથા બેન્કવાળા અવાર–નવાર લોનના પૈસા ભરી જવા ઉઘરાણીના ફોન કરતા હોય અને આર્થિક સંકડામણના કારણે હપ્તા ભરી શકાય તેવી પરિસ્થિતિ ન હોય. જેથી પોતાની જીંદગીથી કંટાળી જઈ તા. ૧૬ ના બપોર ૨:૩૦ વાગ્યા દરમિયાન પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી દવાનો પાવડર પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લાની ૧૬ સહકારી સંસ્થાની

સાંસદ ભરતભાઈ સુતરિયા, ઈફકો ચેરમેન અને પૂર્વમંત્રી દિલીપભાઈ સંઘાણી, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્યસર્વજે.વી. કાકડીયા, જનકભાઈ તળાવિયા, સહકાર આગેવાનો સહિતના મહાનુભાવોએ દીપ પ્રાગટય કર્યુ હતું.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રેરક ઉદબોધનમાં કહ્યું કે, સહકારિતાએ એક જનઆંદોલન છે, તેનું વ્યાવહારિક સ્વરૂપ એ ગુજરાતની દેન છે. અમૂલ (ધટેસ્ટ ઓફ ઈન્ડિયા) નું દ્રષ્ટાંત ટાંકી ડેરી અને પશુપાલન ક્ષેત્રમાં રહેલી તકોનો તેમણે પરિચય આપ્યો હતો.

પશુધન ઓલાદના સંવર્ધન માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અપનાવી તે માટેના પ્રયાસો થાય તે અનિવાર્ય છે. ઓછાં ખર્ચે વધુ સારૂ પશુપાલન થાય તે માટે ભારતીય દેશી પશુ ઓલાદના સેકસ સાર્ટેડ સિમન રૂ. ૫૦ જેવી નજીવી કિંમતે મળી રહેશે જે પશુપાલન ક્ષેત્રે ક્રાંતિ સર્જી શકે તેમ છે, સમ્રગ ભારતમાં પશુ ઓલાદ સુધારણા એક મિશન તરીકે આગળ ધપે તે જરૂરી છે. ઉચ્ચ ઓલાદ માટે પશુઓમાં પણ ગોત્ર પસંદગીનું મહત્વ હોવાનું રાજયપાલે સમજાવ્યું હતું. ભારત સરકાર દ્વારા સહકારિતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે જેના થકી ભારતમાં સહકારી ક્ષેત્રનો વિકાસ ગતિમાન છે.

રાજયપાલે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વિષયે જણાવ્યુ કે, પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની મુખ્ય માંગણી અને જરૂરિયાત છે. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, પેસ્ટીસાઈડસના અંધાધૂંધ ઉપયોગને કારણે જમીનમાં સૂક્ષ્મ જીવાણુઓનો નાશ થયો છે અને જમીનની ઉત્પાદકતામાં ઘટાડો નોંધાયો છે. જમીનની ફળદ્રુપતામાં ઉમેરો થાય, ધરતીના પેટાળમાં વરસાદી પાણી ઉતરે અને જમીનની ગુણવત્તામાં સુધારો થાય તે માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવી અનિવાર્ય છે. અળસિયા એ પ્રાકૃતિક કૃષિ માટે મિત્ર હોવાનું જણાવી નેચરલ વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમને સક્રિય કરવા અને જમીનમાં રહેલા પોષક તત્વો માટે ઉપયોગી હોવાનું રાજયપાલે ઉમેર્યુ હતું.

સોના જેવી ધરતીના નિર્માણ માટે પ્રાકૃતિક કૃષિનું મહત્વ છે. પ્રાકૃતિક કૃષિની આવશ્કતાઓ સમજી રાજયસરકારે હાલોલમાં પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી શરૂ કરી છે તેની પ્રથમ કોલેજ અમરેલીમાં શરૂ થવા બદલ તેમણે આગેવાનો અને નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કરતાં ઉમેર્યુ કે, આપણે વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે ગૌ પાલન, પશુપાલન અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ તેજ ગતિથી આગળ વધવું પડશે.

સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાના કાર્યક્રમ પૂર્વે રાજયપાલને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આપવામાં આવ્યું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાળાઓએ, પ્રાકૃતિક કૃષિના મહત્વ ‘ધરતી કહે પુકાર કે’ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી, ઉપસ્થિત સર્વેએ તે કૃતિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

રાજયપાલના હસ્તે સહકારી ક્ષેત્રના પીઢ અનુભવી ૧૦૧ વર્ષીય નારણભાઈ શામજીભાઈ ભંડેરી અને હરિભાઈ કાળાભાઈ સાંગાણીનું વડીલ વંદના–સન્માન કરવામાં આવ્યુ હતું. અમર ડેરીમાં વાર્ષિક ધોરણે સૌથી વધુ દૂધ ભરનાર પશુપાલક મહિલાઓને પ્રમાણપત્ર અર્પણ કરી તેમને બિરદાવવામાં આવ્યા હતા.

નેશનલ કો–ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયા, ઈફકો, ગુજકોમાસોલ અને અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, સહકારી ક્ષેત્રના વિકાસ થકી રોજગારીની તકોમાં વધારો થાય છે. ઉપરાંત ‘સહકારથી સમૃદ્ધિ’ના ઉમદા વિચારને બળ મળે છે. પશુપાલન થકી સહકારી ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા અગત્યની છે. પશુપાલન ક્ષેત્રે થનારા પરિવર્તનો ત ક્રાંતિ માટે નવા દ્વાર ખોલશે અને તેના ઉજજવળ પરિણામો ભવિષ્યમાં મળશે. કુપોષણ નાબૂદી માટે પ્રધાનમંત્રીએ પોષણ અભિયાન અમલી કરાવ્યું છે, પોષણ અભિયાનને સાર્થક કરવા દૂધ એ સંજીવનીનું કાર્ય કરશે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાએ કહ્યુ કે, અમરેલી ખાતે આઈ.વી.એફ. લેબોરેટરીની સ્થાપનાથકી અદ્યતન પશુ ઓલાદ સુધારણામાં લાભ મળશે. સહકારી પ્રવૃત્તિઓના વિકાસ માટે યુવાઓને જોડવાનો અભિગમ છે. સાથે મળીને કાર્ય કરવું એ સહકારિતાનો પાયો છે. સહકારી સંસ્થાઓ અને પશુપાલકોના સહયોગથી પશુપાલન ક્ષેત્રના વિકાસ થકી ગ્રામ્ય વિસ્તારમાં આર્થિક સમૃધ્ધિ, પ્રગતિ અને ક્રાંતિ લાવી શકાય. તમામ સહકારી મંડળીઓ ગ્રામ્ય કક્ષાએ આર્થિકગતિવિધિનું કેન્દ્ર બને તે માટે સૌએ સાથે મળીને પ્રયાસો કરવા પડશે. મહિલા મંડળી દ્વારા કરવામાં આવેલી રૂા. ૧૧ કરોડ જેટલી રકમની બચતને પ્રેરક હોવાનું જણાવી ‘બચત બીજો ભાઈ’ એ કહેવત જણાવી પરસોત્તમભાઈ રૂપાલાએ બચત કરવા અનુરોધ કર્યો હતો.

સાંસદ ભરતભાઈ સુતરિયાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં અમર ડેરીના પ્રારંભ અને વિકાસની વિગત જણાવી. તેમણે કહ્યુ કે, સહકારથી સમૃદ્ધિ મેળવી શકાય છે. ગીર ગાયનું સંવર્ધન થતાં સ્થાનિક સ્તરે રોજગારીની ઉત્તમ તકોનું સર્જન થયું છે તેના લીધે સ્થળાંતર ઓછું થશે.

નાયબ મુખ્ય દંડક અને અમરેલીના કુંકાવાવ–વડીયાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ અમરેલીને સહકાર ક્ષેત્રનું હબ હોઈ પશુપાલકો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ અને વ્યવસ્થા અને રોજગારીની તકોના નિર્માણ માટે તક હોવાનું જણાવ્યું હતું.

વિવિધ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણ પટેલે કર્યુ હતુ. આભાર દર્શન મુકેશભાઈ સંઘાણીએ કર્યુ હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, પૂર્વધારાસભ્ય અંબરિશભાઈ ડેર, નલિનભાઈ કોટડિયા, કાળુભાઈ વિરાણી, સહકારી અગ્રણીઓ, વિવિધ સહકારી મંડળીઓના આગેવાનો, મહાનુભાવો, પદાધિકારીઓ, અધિકારીઓ–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૫૦ | ૧૫૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૩ | ઘઉં | ૪૭૬ | ૪૭૬ |
| ૪ | જીરૂ | ૪૪૫૨ | ૪૪૫૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૨ | મગ | ૯૩૦ | ૯૩૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૪૦ |
| ૪ | સોયાબીન | ૮૪૮ | ૮૪૮ |
| ૫ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | ચણા | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૭ | ધાણા | ૯૯૫ | ૯૯૫ |
| ૮ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૫૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૦ | મગફળી | ૭૩૦ | ૮૯૯ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૧૨ | મેથી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૩ | રજકાબી | ૨૮૫૦ | ૨૮૫૦ |

# મોટા દેવળીયા કલ્સ્ટર શાળાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયુ



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

GCERT ગાંધીનગર તથા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી પ્રેરિત CRC મોટા દેવળીયા કલસ્ટરની તમામ શાળાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪ યોજાયેલ જેમાં કલસ્ટરની તમામ શાળાઓના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. બાળ વૈજ્ઞાનીક પ્રદર્શનની મુખ્ય થીમ ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી અંતર્ગત પાંચ પેટા વિભાગોમાં જુદી જુદી શાળાનાં બાળ કોએ પોત પોતાની કૃતી રજુ કરી હતી. પાંચેય વિભાગોમાંથી શ્રેષ્ઠ કૃતિ આથામી સમયમાં તાલુકા કક્ષાએ મોટા દેવળીયા કલસ્ટરવતી પ્રતિનીધિત્વ કરશે, યજમાન શાળા ફુલઝર પ્રા. શાળા હતી. આ તકે બાળ વૈજ્ઞાનીક પ્રદર્શનનું સંપુર્ણ સંચાલન મોટા દેવળીયા CRC કો.ઓડિનેટર મયુરભાઈ રાદડીયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું. બાળ વૈજ્ઞાનિકો આને માર્ગદર્શક શિક્ષકઓને આ તકે પ્રમાણપત્ર અને પ્રોત્સાહિત ભેટ આપી અભિનંદન પાઠવ્યા હતાં.

# અમરેલી જિલ્લા કક્ષા બાળ પ્રતિભા સ્પર્ધા અને બાળ નાટય તથા નૃત્ય નાટિકા સ્પર્ધા યોજાઇ






અમરેલી, તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ (શનિવાર)તા.૨ આક્ટોબર – મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં ' સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ ' સ્વચ્છ ભારત મિશન ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ' સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યુ છે. સ્વચ્છતા માટે વડાપ્રધાનના આહ્વાનને ઝીલી લઈ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાતમાં પણ તા. ૧૭ સપ્ટેમ્બરથી સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ થયો છે. વડાપ્રધાન અને મુખ્યમંત્રીના સ્વચ્છતા સ્વભાવના અભિયાનને અમરેલી જિલ્લામાં વ્યાપક પ્રતિસાદ સાંપડ્યો છે. રમત, ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓઅને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત અમરેલી જિલ્લા કક્ષા બાળ પ્રતિભા સ્પર્ધા અને બાળ નાટ્ય તથા નૃત્ય નાટિકા સ્પર્ધાનું આયોજન થયું હતું. અમરેલી દીપક હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં બાળ કલાકારોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થી તેમજ કલાકારોએ સ્વચ્છતા અભિયાન વિશે જાગૃત્તકરવામાં આવ્યા હતા. દામનગર નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા' પખવાડિક કાર્યક્રમ અંતર્ગત શેઠશ્રી એમ.સી.મહેતા હાઈસ્કુલ ખાતે ચિત્ર સ્પર્ધા તેમજ રંગોળી સ્પર્ધા યોજવામાં આવી હતી.

### સાથે પાંચ કેબિનેટ મંત્રીઓએ લીધા શપથ

# AAPના સિનિયર નેતા આતિશીએ દિલ્હીના સીએમ તરીકે શપથ લીધા

### આતિશીએ રાજ ભવનમાં આયોજિત સમારોહમાં દિલ્હીના મુખ્યમંત્રી પદની શપથ લીધી : એલજી વીકે સક્સેનાએ પદ અને ગોપનીયતાની શપથ લેવડાવી

નવી દિલ્હી, તા.૨૧

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ દિલ્હીના મુખ્યમંત્રી પદની શપથ લઈ લીધી છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ શનિવાર (૨૧ સપ્ટેમ્બર)ના રોજ રાજભવનમાં આયોજિત સાદા કાર્યક્રમમાં આતિશીને સીએમ પદના શપથ લેવડાવ્યા. તેમની સાથે ૫ મંત્રીઓએ પણ શપથ લીધા હતા. આની સાથે આતિશી દિલ્હીની ત્રીજી અને સૌથી ઓછી ઉંમરની મહિલા મુખ્યમંત્રી બની ગઈ છે.આ પહેલાં આબકારી નીતિ સાથે જોડાયેલા કેસમાં તિહાર જેલમાંથી જામીન પર મુક્ત થયા બાદ ૧૭ સપ્ટેમ્બરે અરવિંદ કેજરીવાલે સીએમ પદથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ આમ આદમી પાર્ટી ધારાસભ્ય દળની બેઠકમાં આતિશીને સર્વસંમતિથી ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આતિશીએ દિલ્હીના સીએમ તરીકે શપથ લીધા છે. આતિશીએ આપને જણાવી દઈએ કે, આ અગાઉ આમ આદમી પાર્ટીમાં ઘણી મહત્વની જવાબદારીઓ તેમણે નિભાવી છે. તેઓ મેનિફેસ્ટો ડ્રાફ્ટિંગ કમિટીના પણ સભ્ય હતા, જેમણે આમ આદમી પાર્ટીનો પ્રથમ મેનીફેસ્ટો તૈયાર કર્યો હતો, ૨૦૧૩ માં તેમની ચૂંટણીની શરૂઆત કરી હતી, અને તેના પ્રારંભિક દિવસોમાં પક્ષની નીતિઓને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આમ આદમી પાર્ટીના પ્રવક્તા તરીકે પણ આતિશીએ મુખ્ય પ્લેટફોર્મ પર પાર્ટીનો મજબૂત બચાવ કર્યો છે.આપને જણાવી દઈએ કે, કેજરીવાલના રાજીનામા પહેલા આમ આદમી પાર્ટી વિધાનમંડળ પાર્ટીની બેઠકમાં આતિશીને નવા નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીની આતિશી ભારતીય જનતા પાર્ટી (ભાજપના) સુષ્મા સ્વરાજ અને કોંગ્રેસના શીલા દીક્ષિત બાદ દિલ્હીના મુખ્યમંત્રી પદ સંભાળનાર ત્રીજા મહિલા નેતા છે.જાણો સીએમ આતિશી સહિત મંત્રીઓ વિશે

આતિશી : આપની વરિષ્ઠ નેતા આતિશી દિલ્હીના કાલકાજીથી ધારાસભ્ય છે. અરવિંદ કેજરીવાલ સરકારમાં તેઓ શિક્ષણ, પીડબ્લ્યુડી, વીજળી, પર્યટન, મહિલા અને બાળ વિકાસ મંત્રી સહિત અનેક અન્ય વિભાગોના મંત્રી હતા. તેઓ આમ આદમી પાર્ટીની રાજકીય બાબતોની સમિતિના પણ સભ્ય છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીથી ૨૦૦૩માં ઈતિહાસમાં તેમણે માસ્ટર ડિગ્રી મેળવી હતી. આમ આદમી પાર્ટીની સ્થાપના સમયથી જ સભ્ય છે.સૌરભ ભારદ્વાજ : સૌરભ ભારદ્વાજ દિલ્હીની ગ્રેટર કૈલાશ વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. અરવિંદ કેજરીવાલ સરકારમાં તેઓ આરોગ્ય, શહેરી વિકાસ, પ્રવાસન-કલા સંસ્કૃતિ ભાષા, ઉદ્યોગ, સિંચાઈ અને પૂર નિયંત્રણ મંત્રી હતા. આ પહેલાં તેઓ દિલ્હી જળ બોર્ડના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. સૌરભ ભારદ્વાજે એક ખાનગી કંપનીમાં માઈક્રોચિપ્સ અને કોડિંગ એક્સપર્ટ તરીકે પોતાના વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. કૈલાશ ગહલોત : કૈલાશ ગહલોત દિલ્હી દેહાતની નજફગઢ વિધાનસભા બેઠકથી ધારાસભ્ય છે. દિલ્હી દેહાતના મહત્વપૂર્ણ નેતા માનવામાં આવે છે. અરવિંદ કેજરીવાલ સરકારમાં તેઓ પરિવહન, મહેસૂલ, વહીવટી સુધારા, માહિતી અને ટેકનોલોજી, કાયદો, ન્યાય અને વિધાયી બાબતોની જવાબદારી સંભાળી ચૂક્યા છે. ૧૫ ઓગસ્ટે દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં પૂર્વ સીએમની જગ્યાએ તિરંગો ફરકાવવાને કારણે તેઓ હેડલાઈન્સમાં પણ આવ્યા હતા.ગોપાલ રાય : ગોપાલ રાય આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રભારી છે. તેઓ દિલ્હી સરકારમાં સામેલ સૌથી વધુ અનુભવી નેતા છે. અરવિંદ કેજરીવાલ સરકારમાં તેઓ પર્યાવરણ અને અન્ય મંત્રાલયની જવાબદારી સંભાળી ચૂક્યા છે. આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીના પણ સભ્ય છે. અન્ના આંદોલનના સમયથી જ અરવિંદ કેજરીવાલ સાથે જોડાયેલા રહ્યા છે.ઈમરાન હુસૈન : ઈમરાન હુસૈન બલ્લીમારાન વિધાનસભા બેઠકથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય છે. મુસ્લિમ બહુલ વિસ્તારોમાં તેમની પકડ સારી છે. તેઓ બે વખતના ધારાસભ્ય છે. અરવિંદ કેજરીવાલના મંત્રીમંડળમાં ખાદ્ય અને નાગરિક પુરવઠો અને ચૂંટણી મંત્રી હતા. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં બેચલર ઓફ બિઝનેસ સ્ટડીઝના વિદ્યાર્થી રહ્યા છે.મુકેશ અહલાવત : દલિત નેતા મુકેશ અહલાવત દિલ્હીના સુલતાનપુર માજરાથી ધારાસભ્ય છે. મુકેશ પહેલી વખતના ધારાસભ્ય છે. તેમને ૨૦૨૦માં આપે સુલતાનપુરથી ટિકિટ આપી હતી. તેમની પહેલાં સંદીપ કુમાર પણ આપની ટિકિટથી સુલતાનપુર માજરાથી ૨૦૧૫માં ધારાસભ્ય ચૂંટાયા હતા. તે પહેલાં આ બેઠક કોંગ્રેસનો ગઢ રહી છે. ૧૯૯૩થી લઈને ૨૦૧૩ સુધીની ચૂંટણી કોંગ્રેસ અહીંથી જીતતી આવી છે. મુકેશ અહલાવત એકમાત્ર નવો ચહેરો છે, જેમને આતિશી કેબિનેટમાં સ્થાન મળ્યું છે.

### મોંઘવારી ભથ્થામાં જલ્દી થશે ૪% નો વધારો

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં જલ્દી થશે વધારો!

### અંતિમ સપ્તાહ કે ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકાર જલ્દી સપ્ટેમ્બરના અંતિમ સપ્તાહ કે ઓકટોબરના પ્રથમ સપ્તાહમાં મોંઘવારી ભથ્થા (DA) માં વધારાની જાહેરાત કરી શકે છે. રિપોર્ટ્સ પ્રમાણે આ વખતે કેન્દ્ર સરકાર કર્મચારીઓ માટે ૩-૪ ટકા સુધીના વધારાની જાહેરાત કરી શકે છે. મોંઘવારી ભથ્થામાં વધારો ૧ જુલાઈથી લાગૂ માનવામાં આવશે. પાછલા વર્ષે પણ મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત ઓકટોબરના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવી હતી. માર્ચ ૨૦૨૪માં પાછલા મોંઘવારી ભથ્થા વધારવા દરમિયાન, સરકારે મોંઘવારી ભથ્થાને ૪ ટકા વધારી ૫૦ ટકા કરી દીધું હતું. સાથે પેન્શનરો માટે મોંઘવારી રાહત (DR)માં પણ ૪ ટકા વધારો કરવામાં આવ્યો હતો. મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વર્ષમાં બે વખત વધારો કરવામાં આવે છે, જેને જાન્યુઆરી અને જુલાઈથી લાગૂ કરવામાં આવે છે. મોંઘવારી ભથ્થું કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવે છે, જ્યારે મોંઘવારી રાહત પેન્શનરોને આપવામાં આવે છે.તાજેતરમાં સંસદના ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્રીય નાણા રાજયમંત્રી પંકજ ચૌધરીએ સ્પષ્ટ કર્યું કે સરકાર કોવિડ-૧૯ મહામારી દરમિયાન રોકવામાં આવેલા ૧૮ મહિનાના ડીએ અને ડીઆરના બાકી જાહેર કરવાની સંભાવના દેખાઈ રહી નથી. મંત્રી પંકજ ચૌધરીએ એક સવાલના જવાબમાં કહ્યું- નહીં, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સરકાર કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના ૧૮ મહિનાના બાકી DA/DR જાહેર રવા પર વિચાર કરી રહી છે, જેને કોવિડ-૧૯ દરમિયાન રોકવામાં આવ્યા હતા. કોવિડ મહામારીને કારણે આર્થિક મુશ્કેલી જોતા જાન્યુઆરી ૨૦૨૦, જુલાઈ ૨૦૨૦ અને જાન્યુઆરી ૨૦૨૧ ત્રણ હપ્તામાં ડીએ રોકવાનો નિર્ણય લેવાયો હતો. કેન્દ્રીય કર્મચારીઓ આ ૧૮ મહિનાના એરિયરની માંગ કરવામાં આવી રહી છે. પરંતુ સરકારની અત્યારે આ રકમ જાહેર કરવાની કોઈ યોજના નથી.

### સમગ્ર જીલ્લાનું ગૌરવ વધાવતી ઘટના

# અમરેલી : શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસનાં વિદ્યાર્થીઓને સ્કુલ બેન્ડ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ

### સંસ્થાના પ્રમુખ સહિતનાં પદાધિકારીઓએ શુભેચ્છા પાઠવી




અમરેલી, તા. ૨૧

તારીખ ૨૦ સપ્ટેમ્બરના રોજ એકતા દિવસ ઉજવણી અંગે રેન્જ કક્ષાએ સ્કુલ બેન્ડ સ્પર્ધાનું ભાવનગર મુકામે આયોજન થયેલ હતું. તેમાં ગુજરાતના વિવિધ જીલ્લાઓની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાંથી શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલના વિદ્યાર્થીઓની ટીમ દ્વારા જીલ્લા કક્ષાની સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ સાથે તૃતીય નંબર પ્રાપ્ત કરેલ છે. વિજેતા થયેલી ટીમમાં મકાણી સ્મિત, ગોધાણી ક્રિશ, સાવલિયા તીર્થ, ગોહિલ મીત, ગળિયા ધાર્મિક, લાખાણી યુગ, પટેલ ફેનીલ, પટેલ રૂદ્ર, માલવીયા મીત, બલદાણીયા જૈમિન, ભંડેરી હેત, બરવાળીયા ફેની, હપાણી પ્રીત, ડોલર અક્ષય, બાબરીયા વિરાગ, ઢાકેચા ભવ્ય, સવસાણી સ્મિત, પટેલ પ્રતીક, પટેલ વીર, રાદડિયા દેવાંશ, પટેલ તિલક, પટેલ દીક્ષ, ગોહિલ ઋષિક, ડાભી ધ્રુવિલ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા પ્રથમવાર ભાગ લીધેલ અને તૃતીય નંબર મેળવેલ તે બદલ ખૂબ જ આનંદ સાથે સૌને અભિનંદન પાઠવેલ છે અને આગામી સમયમાં આ ટીમને વધુ સારૂં પ્રદર્શન કરવા શુભેચ્છાઓ આપેલ છે.

### ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલય સંસ્કૃત શકિત ગુરૂકુળ અને હરિબા મહિલા કોલેજમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ



ચલાલા યુગ નિર્માણ ગાત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળના વિદ્યાર્થીઓની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું સુંદર આોજન કરવામાં આવ્યું હતુ જેમા વિદ્યાર્થીઓને સંસ્થાના વડા ડો. રતિદાદાએ આર્શીવાદ પાઠવ્યા હતા. તથા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા આયોજીત લગ્નોત્સુક પરીચય મેળાની તારીખમાં ફેરફાર

### તા.૨૯/૯ના બદલે તા. ૧૦/૧૧/૨૪ના રોજ યોજાશે



ચલાલા, તા. ૨૧

અમરેલી જીલ્લા રઘુવીર સેનાના પ્રમુખ વિશાલભાઈ સોઢાએ જણાવ્યા મુજબ અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા આયોજીત તા. ૨૯/૯/૨૪ના યોજનારના રઘુવંશી સમાજનો લગ્નોત્સુક પરિચય મેળાની તારીખમાં ફેરફાર કરી તા.૨૯/૯/૨૪ના બદલે તા. ૧૦/૧૧/૨૪ના રોજ રઘુવંશી સમાજનો લગ્નોત્સુક પરિચય મેળો યોજાશે. જેની તમામ રઘુવંશી સમાજના ભાઈઓ, બહેનો તથા યુવાનોએ નોંધ લેવા જણાવવામાં આવે છે. મરેલી જીલ્લા રઘુવીર વિશાલભાઈ સોઢાએ વધુમાં જણાવેલ છે. આવતી તા. ૨૯/૯/૨૪ રવિવારના રોજ અખિલ ગુજરાત લોહાણા સમાજ નવનિર્વાચિત યોજાયેલના પદગ્રહણ અવસરે વિરપુર (જલારામ) ખાતે યોજાયેલ રઘુવંશી સમાજના મહાસંમેલનમાં વધુમાં વધુ રઘુવંશી શ્રેષ્ઠીઓ અને રઘુવંશી ભાઈઓ બહેનો અમે યુવાનો ભાગ લઈ શકે તેવા શુભહેતુથી અમરેલી જીલ્લા રઘુવીર સેના દ્વારા આયોજીત લગ્નોત્સુક પરિચય મેળાના કાર્યક્રમમાં ફેરફાર કરેલ છે. તેમજ જીલ્લા ભરના રઘુવીર સેનાના હોદેદારોને તા. ૨૯/૯/ ના રઘુવંશી મહાસંમેલનમાં વિરપુર જલારામ ખાતે ઉમટી પડવા હાકલ કરેલ છે.

### વિદ્યાર્થી અગ્રણી પાર્થિવ જોષીની માંગ

# ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સી.સી.ઈ. પરીક્ષામાં મેરિટ રિવાઈઝ કરો

### જીપીએસસી પદ્ધતિથી મેરિટ બનાવવું જરૂરી



અમરેલી, તા. ૨૧

તાજેતરમાં લેવાયેલ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સી.સી.ઈ. (કંબાઈન કોમ્પિટિટિવ એકઝામીનેશલ) ની લેવાયેલ પ્રિલીમીનરી પરીક્ષામાં મેરીટ જાહેર થયેલ છે. જેમાં કેટેગરીઅને જગ્યાના ૭ ગણા વિદ્યાર્થીઓ લેવાયેલ નથી જેથી વર્ષોથી તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓને અન્યાય થયો છે.

આ મેરીટ પદ્ધતિ જો ગુજરાત સરકારની બંધારણીય સંસ્થા જી.પી.એસ.સી. ના નિયમો મુજબ બનાવવામાં આવે તો વિદ્યાર્થીઓને ન્યાય મળે તેમ છે. જેથી આ મેરિટને રિવાઈઝ કરવા વિદ્યાર્થી નેતા પાર્થિવ જો[redacted]

### પ્રવાસીઓ ઓફિશ્યલ વેબસાઇટ પરથી બુકિંગ કરી શકશે

# સાસણ ગીર વન્યપ્રાણી અભયારણ્યને ૧૬મી ઓક્ટોબરથી ખુલ્લુ મૂકશે

### ચોમાસાની ઋતુ દરમિયાન સાસણ ગીર વન્ય પ્રાણી અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન નિયમ અનુસાર હતું બંધ

સાસણગીર, તા.૨૧

ચોમાસાની ઋતુ દરમિયાન બંધ કરવામાં આવેલા સાસણ ગીર વન્યપ્રાણી અભયારણ્યને આગામી ૧૬મી ઑક્ટોબરથી ખુલ્લુ મૂકવામાં આવશે. આ માટે ઓનલાઈન બુકિંગ શરુ કરી દેવામાં આવ્યું છે. ૧૬મી ઑક્ટોબરથી પ્રવાસીઓ સિંહ દર્શનનો લહાવો લઈ શકે છે. ચોમાસાની ઋતુ દરમિયાન સાસણ ગીર વન્ય પ્રાણી અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન નિયમ અનુસાર બંધ કરવામાં આવ્યા હતા. હવે ટૂંક સમયમાં ચોમાસું વિદાય લેશે ત્યારે સાસણ ગીર ખાતે ઈકો ટુરિઝમ ઝોન નિયત રૂટ પર ૧૬મી ઑક્ટોબરથી પ્રવાસન સ્થળને ખુલ્લું મૂકવામાં આવશે.સાસણની મુલાકાતે આવતા દેશ-વિદેશના નાગરિકો તેમની પ્રવેશ પરમિટ આગોતરા ઓનલાઈન બુકિંગ કરાવી શકશે. આ માટે પ્રવાસીઓ ઓફિશ્યલ વેબસાઈટ ક્ષૈર્જ્ઞિંહ.ક્ષ્રદ્બટ્ઠિં.ર્ખ્તદ્ગૈ.હ પરથી પરમિટ બુકિંગ કરી શકશે. આ ઉપરાંત ઓનલાઈન બુકિંગ માટે અન્ય કોઈ વેબસાઈટને અધિકૃત કરવામાં આવી નથી.

### જાગૃત્ત નાગરિકે સાંસદને પત્ર પાઠવ્યો

# અમદાવાદથી રાત્રિ દરમિયાન લીલીયા પરત ફરવા એસ.ટી. બસ શરૂ કરવામાં માંગ

અમરેલી, તા. ૨૧

અમદાવાદથી રાત્રિ દરમિયાન લીલીયા તરફ આવવા માટે એસ.ટી. બસ ફાળવવા બાબત સંસદ ભરતભાઈ સુતરીયાને મનુભાઈ ભાસ્કર દ્વારા રજૂઆત થયેલ. જેમાં જણાવેલ કે લીલીયા તાલુકા મથક એક એવુ તાલુકા મથક છે કે આસપાસનાં ગ્રામ્ય વિસ્તારના લોકોને ગુજરાત રાજયના મુખ્ય શહેર અમદાવાદથી રાત્રી દરમ્યાન પરત ફરવા માટે કૃષ્ણનગર (અમદાવાદ) થી એકપણ બસ રૂટ નથી તેથી તાલુકા મથક અને આ વિસ્તારનાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ઉપરોકત બાબતે અવારનવાર લેખીત રજુઆત એસ.ટી. વિભાગ તેમજ સરકારને કરેલ છે છતાં કોઈ પરીણામ આવતુ નથી. કૃષ્ણનગર (અમદાવાદ) થી રાત્રી દરમ્યાન ૮ થી ૧૨ ના સમયે અમરેલી, બગસરા, ધારી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ચાવંડ, લાઠી થઈને ચાલે છે. તેમાનો એક બસ રૂટ ફેરવીને ઢસાથી દામનગર, ગુંદરણ, ખારા, લીલીયા થઈને ચલાવવામાં આવે તો આ વિસ્તારના ગામોને અને તાલુકા મથકની જનતાને તેનો લાભ મળે અને રાત્રી દરમ્યાન અમદાવાદથી પરત ફરવામાં મુશ્કેલી ન પડે. ઉપરોકત વિસ્તારમાંથી કૃષ્ણનગર (અમદાવાદ) જવા માટે રાત્રી દરમ્યાન સાવરકુંડલા– કૃષ્ણનગર બસ રૂટ શરૂ છે તે વાયા લીલીયા– ગુંદરણ– દામનગર– ગઢડા બોટાદ તેમ નિયમીત ચાલે છે. આ તમામ રૂટ પણ માત્ર રાત્રે અમદાવાદ જવા માટેનો છે, પરત ફરવા માટે નથી.ઉપરોકત જણાવેલ રૂટ ઉપર કૃષ્ણનગર (અમદાવાદ) થી રાત્રી રૂટ એસ.ટી. ફેરવીને જેબસો લાઠી વાયા થઈને ચલાવવામાં આવે છે તેમા જો કોઈ પણ એક બસ રૂટ ઢસાથી વાયા–દામનગર, ગુંદરણ, લીલીયા તેમ ચલાવવામાં આવે તો લાઠી તાલુકાના દામનગર, હાવડત, ઈંગોરાળા, લીલીયા તાલુકાનું તાલુકા મથક અને એકલેરા–ગુંદરણ, ઢાંગલા, ખારા, સનાળીયા, પુંજાપાદર, ગોઢાવદર, સલડી, લાલાવદર વગેરે ગામના અમદાવાદથી રાત્રી દરમ્યાન પરત ફરતા મુસાફરોને લાભ મળે તેમ હોય. આ બાબતે ઘટતી કાર્યવાહી કરીને તાલુકા મથકને રાજયના મુખ્ય શહેર સાથે જોડતી એસ.ટી. સેવા મળી રહે તેમ કરવા માટે પત્ર લખી ને માંગે કરવામાં આવી છે તેમ ઈમરાન પઠાણી અખબારી યાદીમાં જણાવેલ છે.




## તાઈવદરનો માર્ગ છેલ્લા ૧૫ વર્ષથી બિસ્માર હાલતમાં

# બાબરા પંથકમાં હાડકાતોડ માર્ગોથી વાહનચાલકો તોબા... તોબા

**માર્ગોને નવા બનાવવાનું તો દૂર રહ્યું મરામત પણ કરવામાં આવતી નથી**

**વાહનચાલકો કરવેરા ભરી-ભરીને સરકારી તિજોરી છલકાવે અને બદલામાં મળે પરેશાની**

**દર્દીઓ, વૃધ્ધો સહિતનાં મુસાફરોને માર્ગ ઉપરથી પસાર થવામાં ધોળે દિ'એ તારા દેખાઈ છે**

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ અને ધારાસભ્યએ જનતાની વેદના દૂર કરવી જોઈએ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા તાલુકાના જિલ્લા પંચાયતઅનેસ્ટેટહસ્તકનામોટાભાગના રોડરસ્તાઓસાવબિસ્મારબન્યાંછેપણ તંત્ર દ્વારા સમયાંતરે મરામત કરવામાં આવતી નથી અને નવા માર્ગ માટે કોઈ પ્લાનિંગ કરવામાં આવતું નથી. જેના કારણેનબળામાર્ગમાટેપસારથવામાટે લોકોમજબુરબન્યાછે. અમુકરોડરસ્તા એટલીહદેબિસ્મારબન્યાંછેકેઅકસ્માત સર્જાવાનીપણભીતિસતાવીરહીછે.

બાબરા તાલુકાન નબળા માર્ગનીવાતકરીએતોચમારડીથીમોટા દેવળીયા, બાબરાથી નિલવડા અને બાબરાથીતાઈવદરનોમાર્ગઆસિવાય ગ્રામ્યવિસ્તારોમાં જોડતાશીંગલપટ્ટીના માર્ગખુબજબિસ્મારજોવામળીરહ્યાછે.

બાબરાથી તાઈવદરનો માર્ગ સાત કિલોમીટરનો છેલ્લા ૧૫ વરસથીખરાબહાલતમાંહોયઆરોડમાં ૫૦થીવધુનાનામોટાખાડાજોવામળી રહ્યા છે. મોટાભાગના લોકોને અહીંથી પસાર થવામાં અકસ્માતની ભીતિ સતાવી રહી છે. તાઈવદર ગામમાં સ્થાનિક અગ્રણી ગૌતમભાઈ ખાચર દ્વારારાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી માર્ગ ની હાલ પ્રાથમિક સ્તરે મરામત કરવામાં આવે અને આગળ નવો માર્ગ મંજુર કરવામાં આવે તો ગામના લોકોને મોટી રાહત મળી રહે. કારણ કે ગામના લોકોનેનિયમિતબાબરાઅવરજવરરહે છેજેમાંશાળાનાશિક્ષકો,રત્નકલાકારો સહિતનાલોકોઅપડાઉનકરીરહ્યાછે પણ નબળા માર્ગના કારણે કમરના દુ:ખાવા થઈ જાય છે.

## ત્રીજા એડીશ્નલ ચીફ.જયુ. મેજીસ્ટ્રેટનો ચુકાદો

# અમરેલીની સ્ટેટ બૅંકમાંથી લોન લઈ ન ભરનારને એક વર્ષની સાદી સજા

**બેન્ક તરફે એડવોકેટ કે.વી. કેસરીયાની દલીલો સફળ**

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં નાગનાથ મંદિર પાસે આવેલ શિવ કોમ્પલેક્ષમાં ગ્રાન્ડ ફલોર થર રહેતાં અને કાપડનો ધંધો કરતાં આનંદભાઈ ચીમનભાઈ દેલાવએ ગત તા. ૫/૧૦/૧૮ના રોવજ કાપડનાં ધંધા માટે થઈ અત્રે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની લાયબ્રેરી શાળામાંથી રૂા. ૧,૮૦,૦૦૦ની લોન લીધેલ હતી. પરંતુ લોન લીધા બાદ નિયમિતે રીતે બેંકના હપ્તા ભરતા ન હોય. બેંક દ્વારા ઉઘરાણી કરતાં



તેઓએ ગત તા. ૧૨/૬/૨૩નો રૂા. ૧,૧૫,૦૦૦ પુરોનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને ચેક આપેલ હતાં. તે ચેક અપૂરતા બેલેન્સનાં કારણે ચેક રીટર્ન થવા પામેલ હતો.

આપ બેંક દ્વારા બાકીદારને સામે અત્રેની એડી.ચીફ.જયુ. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ આપનાં બેંક તરફના એડવોકેટ કે.વી. કેસરીયાની (ગઢવીભાઈ)ની ધારદાર દલીલો કોર્ટમાંથી રાખી બેંકના હપ્તા નહિ ભરનાર આનંદભાઈ ચીમનભાઈ દેલાઈને એક વર્ષની સાદી કેદ તથા રૂા. ૧,૧૫,૦૦૦ ફરીયાદની તારીખથી વાસ્તવીક ચુકવણી સુધી વાર્ષિક ૯ ટકાનાં સાદા વ્યાજ સહિત ચુકવવા ઉજા એડિશ્નલ ચીફ.જયુ.મેજીસ્ટ્રેટ કે.એમ. બાસે આદેશ કર્યો.

## સગીરા બાદ સગીર પણ અસલામત

# ચલાલાનાં સગીર વયનાં બાળકનું કોઈ અજાણી વ્યકિતએ કર્યુ અપહરણ

અમરેલી, તા. ૨૧

ચલાલા ગામે રહેતા મનિષભાઈ જમનભાઈ સોલંકીનો ૧૫ વર્ષનો સગીરવયનો દિકરો તા. ૨૦ના રોજ સવારે સાડા સાતેક વાગ્યે ઘરેથી સ્કુલે જવા નિકળેલ. પરંતુ બપોરે એકાદ વાગ્યા સુધી પાછો ઘરે ન આવતા તેમના સગા સબંધીઓમાં તથા ગામમાં તેમજ મીઠાપુર(ડું) ગામ ખાતેની સરકારી પ્રાથમીક શાળામા તપાસ કરાવા છતાં મળી આવેલ ન આવતા કોઈ અજાણી વ્યકિતિએ કોઈપણ ઈરાદાથી લલચાવી ફોસલાવી સગીરવયનો હોવાનું જાણવા છતાં વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## જીલ્લા પંચાયતનાં સદસ્ય દુધાતની માંગ

# ખેડુતોને ખેતી કાર્યમાં વીજળીનાં અભાવે ઉભી થતી પરેશાની દુર કરો

**૮ કલાકને બદલે ૧૨ કલાક વીજળી આપવા માંગ**

લીલીયા, તા. ૨૧

લીલીયા તાલુકામાં ખેડૂતો દ્વારા કપાસનું વાવેતર મોટા પ્રમાણમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## વીજળીનાં કડાકા-ભડાકા સાથે ધબધબાટી

# ખાંભા પંથકમાં અઠવાડીયાનાં વિરામ બાદ પુનઃ મેઘાની પધરામણી થઈ

**મુંજીયાસરમાં માર્ગ ઉપર પાણી ફરી વળ્યા**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, ૨૧

ખાંભાગીરપંથકમાંપાંચથી છદિવસનાવિરામબાદફરીખાંભાનાગ્રામ્ય વિસ્તારોમાંવરસાદીમાહોલજામ્યોહતો. ગ્રામ્યવિસ્તારોમાંવીજળીનાકડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકયો હતો. ખાંભાનાડેડાણ, ત્રાકુડા, જામકા, મુંજાસર, પચપચિયાસહિતગામોમાંવરસાદપડયો હતો. મુંજીયાસરગામનારોડરસ્તાઉપર વરસાદીપાણીફરીવળ્યાહતાઅનેખાંભાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં પણ કયાક ધીમીધારેતોકયાકધોધમારવરસાદપડતાં ખેડૂતોની ખેત મોલાતને ફાયદા દાયક. કપાસ, મગફળી સહિતના પાક સોળે કળાએખીલીઊઠેછે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)